Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ


પુસ્તક ૩૮ મું    સંવત ૧૯૯૭

અંક ૬ ઠ્ઠો    પોષ

પ્રકાશક:—

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર



મેવાડનું પ્રાચીન તીર્થ : : ચિતોડગઢ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય પરિચય.


૧. સંબોધક સાહિત્ય ( સાગરાન્યોક્તિ ) .... ( કવિ રેવાશંકર વાલજી બધેકા. ) ૧૪૯
૨. અન્યોક્તિનું પદ્યાત્મક વિવેચન... ... ( „ „ ) ૧૫૦
૩. ઉપદેશક પદ ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ. ) ૧૫૧
૪. શ્રી ધર્મશમાભ્યુદય મહાકાવ્ય : અનુવાદ ( ડો. ભગવાનદાસ મ. મહેતા. ) ૧૫૨
૫. વિચારશ્રેણી ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ. ) ૧૫૫
૬. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?(મુનિશ્રી હંસસાગરજી મહારાજ.)૧૫૬
૭. સ્મરણાંજલી ... ... ... ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ. ) ૧૬૦
૮. અમૃત-ઘૂંટડો ... ... ... ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૧૬૧
૯. મન સાધ્યું તેણે સઘળું સાધ્યું ... ... ( શ્રી મોહનલાલ દી. ચોકસી. ) ૧૬૩
૧૦. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું પંદરમું અધિવેશન-નિંગાળા ... ૧૬૬
૧૧. સાધન સંબંધી કેટલીક વાતો... ... ... ( અનુઃ અભ્યાસી બી. એ. ) ૧૬૯
૧૨. વર્તમાન સમાચાર. ( આ. શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો વિહાર
અને થયેલ અપૂર્વ સ્વાગત ) ૧૭૧
૧૩. સ્વીકાર સમાલોચના. ... ... ... ... ... ... ૧૭૪


# અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના અત્યાર સુધીમાં થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને આ સભા તરફથી પ્રગટ થયેલાં અનેક સુંદર ગ્રંથો ભેટ આપવામાં આવેલા છે કે જેથી તેઓશ્રી એક સારી લાઇબ્રેરી કરી શકયા છે. સભાએ આ બાબતમાં ઘણી જ ઉદાર દૃષ્ટિ રાખેલ છે, કારણ કે આ સભામાં લાઇફ-મેમ્બર થનાર જૈન બંધુઓને આર્થિક દૃષ્ટિએ પણ છપાતા ગ્રંથોની કિંમત સામાન્ય રાખવામાં આવતા ભેટના ગ્રંથોનો સારો લાભ મળે છે, કે જેવો લાભ બીજે મળી શકતો નથી, જે આ સભાના તે માટેના ધારાધોરણ અને રિપોર્ટનું મનનપૂર્વક વાંચન કરનાર બંધુઓ તે જાણી શકે તેવું છે. આ વર્ષે પણ નીચે લખેલા પાંચ ગ્રંથો ભેટ આપવાનો સભાએ નિર્ણય કરેલ છે.

**૧. શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ**—( અમૂલ્ય )
**૨. શ્રી વાસુપૂજ્યસ્વામી ચરિત્ર**—ભાષાંતર રૂ ૨-૮-૦.
**૩. દેવસિરાઈ પ્રતિક્રમણ સૂત્રાર્થ** રૂા. ૧-૦-૦, **૪. નવસ્મરણ**—( અમૂલ્ય )
**૫. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ કૃત સ્તવન સંગ્રહ**—( અમૂલ્ય )


મહા શુદ ૧ના રોજ બહારગામના પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે રવાના કરવામાં આવશે. પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ-મેમ્બર સાહેબોને પેકીંગ ખર્ચના રૂા. ૦-૪-૦ તથા વી. પી. ખર્ચના રૂા. ૦-૫-૦ મળી રૂા. ૦-૯-૦ નું તથા બીજા વર્ગના લાઇફ મેમ્બર સાહેબોને શ્રી વાસુપૂજ્યસ્વામી ચરિત્રની વધારાની કિંમતના રૂા. ૦-૮-૦ તથા ઉપરોક્ત ખર્ચ મળી રૂા. ૧-૧-૦ નું વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી લેવા વિનંતિ છે.

કદાચ કોઇ સભ્ય સાહેબો ઉપરોક્ત ભેટના ગ્રંથો બીજી રીતે મંગાવવા ઇચ્છા ધરાવતા હોય કે અત્રે સભાની ઓફિસમાંથી તેમની વતી કોઇને આપવાના હોય તો સભાને તાત્કાલિક પત્રદ્વારા જણાવવું જેથી પારસલનો નકામો ખર્ચ કરવો પડે નહિ.

ભાવનગરના લાઇફ-મેમ્બરોએ પોતાના તે ભેટના ગ્રંથો સભાએ આવી લઇ જવા અથવા તો મંગાવી લેવા નમ્ર સૂચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૮ મું : આત્મ સં ૪૫ : વીર સં. ૨૪૬૭ : પોષ :
અંક : ૬ ઠ્ઠો : * * વિક્રમ સં. ૧૯૯૭ : જાન્યુઆરી :

## संबोधक साहित्य, सागरान्योक्ति ।

**तृषां धरायः शमयत्यशेषां, यः सोम्बुदो गर्जति गर्जतूच्चैः ।**
**यस्त्वेष कस्यापि न हन्ति तुष्णां, स किं वृथा गर्जति निस्त्रपोब्धि ? ॥ १ ॥**

કોઇ પ્રસંગે કોઇ કવિ સાગરકિનારે ઊભો છે, એટલામાં આકાશમાં ( વર્ષાઋતુ ચાલતી હોવાથી ) મેઘરાજાએ ગર્જના કરી. બરોબર તે જ વખતે સમુદ્રે પણ ગર્જના કરી. આ ઉભય ગર્જનાને સાંભળી કવિના હૃદયની ઊર્મિઓ ઉછળી આવી અને તટસ્થ રહી બંને ( મેઘ અને સાગર ) પ્રતિ સંબોધે છે કે–

ભો ! મેઘરાજા તેં ગર્જના કરી તે સર્વાંશે યોગ્ય જ છે, તું સર્વથા ગર્જના કરવા લાયક છો; કેમકે તારા પાસે જળરૂપી જે સમૃદ્ધિ ભરી હતી તે વડે તેં આ તૃષાતુર ભૂમિને પરમશાંતિ આપી છે, તેથી તારું ગર્જન સફળ છે, યોગ્ય છે, તું મહાન્ પરોપકારી હોઇ ગર્જના માટે હકદાર જ છો, માટે હે ભાઇ વરસાદ ! તું ફરી ફરીને ગર્જના કર ! ખૂબ ઊંચ્ચે ચઢીને પણ ગાજ ! મીઠડા મેહુલા ગાજ ! !

હવે આ તરફ સમુદ્ર તરફ દૃષ્ટિ નાખીને કહે છે કે–ઓ ! ક્ષારાબ્ધિ ! ! તને ગર્જતા શરમ કેમ નથી આવતી ? તું શું મિથ્યા મગરૂરીમાં મસ્ત બની ગાજી રહ્યો છે ? તું વિચાર કરી જો. તારું જીવનકૃત્ય તો તપાસી જો. તૃષાથી આકુળવ્યાકુળ બનેલા–તરફડતા જીવોને તારા અગાધ અપરંમપાર જળને સ્પર્શમાત્ર પણ થઇ શકે છે ? વરસાદ જેમ વસુંધરાને તૃપ્તિ આપે છે તેમ તેં તારી જળસમૃધ્ધિથી કોઇની તરસ મટાડી છે ? કોઇને જીવિતદાન આપ્યું છે ? અરેરે, તારે તો જરૂર શરમાવું જ જોઇએ, એને બદલે ગાજી રહ્યો છો ! ધિક્ક ! !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચનાર સજ્જનો, ગુણગ્રાહકો !

આ અન્યોક્તિ આપણા જનસમાજને સૂચના આપી રહી છે કે-એ ધનાઢ્યો, શ્રીમંતો, ગૃહસ્થો, સંપત્તિસંપન્નો ! આપણે કયા પ્રકારની ગર્જના ગ્રહણ કરવી ઉચિત છે તે બરાબર લક્ષમાં લેશો. પૈસો કે પદવી પ્રાપ્ત થયા છતાં આપણાથી તેનો સદુપયોગ નહીં થાય તો સાગરસમૃદ્ધિ પ્રમાણે નિષ્ફળ જીવન ગાળનારા ગણાઇશું. મધમાખીઓની પેઠે છેવટ પસ્તાવો જ રહેશે.

## આ અન્યોક્તિનું પદ્યમાં વિવરણ.

હરિગીત છંદ.

એ મેહ ! તારા દેહનો બહુ સ્નેહ પરમાર્થે વહે,
તારી સકળ સમૃદ્ધિથી તરસી ધરા તૃપ્તિ લહે;
ઉત્પત્તિ અન્નતણી કરે, વિકસે તમામ વનસ્પતિ,
તું ગાજ્ય ! એ ભાઇ ગાજ્ય ! ! તારું ગર્જવું સુખદા અતિ. ૧

સંસારમાં જે સજ્જનો, પરમાર્થ પૈસો વાપરે,
એવા રુડા પરમાર્થીઓને, ઉપમા તારી ઠરે !
તારું ગરજવું ધન્ય છે ! તારું જીવન સાફલ્ય છે !!
થઇને ધનાઢ્ય ન દાન દે, તે સૃષ્ટિમાંહી શલ્ય છે. ૨

સાગર ! તને હું શું કહું ? કહેતાં કલમ શરમાય છે,
તરસ્યા બિચારા પાંથિકો, તારે તીરે અથડાય છે;
રે ! બિન્દુ એક ન કામ આવે, એ સમૃદ્ધિ ધિઃક્ક છે,
તારાંથકી તો વાવ-કૂપો-વીરડા પણ ઠીક છે. ૩

પરમાર્થ કૈં કરતો નથી, પરપીડ કૈં હરતો નથી,
"સમૃદ્ધિ તારી વ્યર્થ છે" એ સ્પષ્ટ વાકય કહું કથી;
તું ગર્જતાં નથી લાજતો ? શું મુખલઇ ગર્જન કરે,
સંસારમાં કરપીજનોને, ઉપમા તારી ઠરે ! ૪

દોહરો.

સમૃદ્ધિ-સંપત્તિથી, કરો પરાર્થે કામ;
અન્યોક્તિ સાગરતણી, એ સૂચવે આ ઠામ. ?

ભાવનગર-વડવા.
તા. ૨૦-૧૨-૪૦

લિ૦ ધર્મપંથનો પ્રવાસી
રેવાશંકર વાલજી બધેકા
નીતિધર્મોપદેશક, ઉજમબાઇ કન્યાશાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક પદ.

॥ મનમંદિર આવો રે, કહું એક વાતલડી ॥

શુભ કામ કરી લે રે, અવસર સારો મળ્યો;
નરભવ અતિ ઉત્તમ રે, આંગણે સુર-દ્રૂમ ફળ્યો. ૧
ક્ષણ ક્ષણ તારું આયુષ્ય રે, ઓછું થાય સદા;
કેમ યાદ ન આવે રે, મોતતણી વિપદા. ૨
કૂડાં કૃત્યો કરીને રે, કહે તારું શું સુધર્યું ?
ખોઇ પુણ્ય તેં સઘળું રે, નવું ઘણું પાપ કર્યું. ૩
ભવફેરા વધારી રે, સંતોષ મનમાં ધરે;
દુઃખદાઇ ગતિમાં રે, વારંવાર ફરે. ૪
પાપથાનક સેવતાં રે, જપતપ કિરિયા કરે;
નવિ લેખે લાગે રે, શ્રમ સહુ વ્યર્થ કરે. ૫
કાણું નાવ ન તરતું રે, છિદ્ર ન બંધ કરે;
ભલે પાણી ઉલેચે રે, છેવટ ડૂબે ખરે. ૬
વિષપાન કરીને રે, જીવવાની આશા ધરે;
એવા અજ્ઞાની જીવો રે, જાણી જોઇને મરે. ૭
પ્રભુપંથ ભુલાવી રે, ઊલટે રસ્તે ધરે;
એવા સાચા શત્રુને રે, મૂઢ જ સ્નેહી કરે. ૮
નિજ સ્વારથ સાધવા રે, સગપણ કાઢે ઘણાં;
નિઃસ્વારથી જગમાં રે, લાખમાં બે ત્રણ જણા. ૯
વિવેક વિનાના રે, માનવી નહીં તે પશુ;
કૃત્યાકૃત્ય ન જાણે રે, વળી નવિ ધર્મ કશું. ૧૦
કાયા કામ ન આવશે રે, જેની તું સેવા કરે;
જ્ઞાન દર્શન જીવન રે, વ્યર્થ ગુમાવી મરે. ૧૧
કસ્તૂર વિકાસી રે, નિજાતમમાં વિચરો;
દુઃખ દોહગ ટાળી રે, શિવસુખ લક્ષ્મી વરો. ૧૨

—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા

# શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય.

## સમશ્લોકી અનુવાદ (સટીક)

## દ્વિતીય સર્ગ.

### મહાસેન નૃપવર્ણન

[ ગતાંક પૃષ્ઠ ૧૨૬ થી શરૂ ]

વંશસ્થ વૃત્ત.

પત્ની હતી તે ધરણીધરેંદ્રની,
નામે ચરિતોથી ય 'સુવ્રતા' ઘણી;
જે સર્વ અંતઃપુરમાં નરેંદ્રને,
હતી પ્રિયા રોહિણી જેમ ચંદ્રને. ૩૫

સુધા સુધારશ્મિ મૃણાલ માલતી,
સરોજના સારથી શું વિધિ ઘડી
વીતાવી મુગ્ધત્વ ક્રમે સુમધ્યમા,
પામી પછી તે વય મધ્ય મધ્યમા. ૩૬

શું તાસ સૌંદર્ય રસો પીતાં નરા,
કામે કર્યાં બાણવડે જ જર્જરા !
ન તો પીતાં વેંત જ તેહ કાં ગળે ?
અંગોથી પ્રસ્વેદ જલોતણા છળે. ૩૭

૩૫. તે પૃથ્વીપતિને નામથી અને ચરિતથી પણ 'સુવ્રતા' એવી પત્ની હતી; તે મોટા અંતઃપુરમાં પણ તે રાજાને, ચંદ્રને રોહિણીની જેમ, પ્રિય હતી. ઉપમા.

૩૬. અમૃત, અમૃતરશ્મિ (ચંદ્ર), કમલતંતુ, માલતી અને અંબુજનો જાણે સાર લઇને વિધાતાએ તેને ઘડી હોયની ! એવી તે મુગ્ધપણું વ્યતીત કરીને, સુંદર મધ્યભાગ ધરાવતી સતી, મધ્યમ મધ્યવયને પ્રાપ્ત થઇ. ઉત્પ્રેક્ષા અને અનુપ્રાસ.

૩૭. તેના સૌંદર્યરસનું પાન કરતા જનોને કામે જાણે બાણવડે જર્જર (ખોખરા) કર્યાં હોયની ! નહિં તો તે રસ પીતાં વેંત જ, તેઓના અંગોમાંથી પ્રસ્વેદજલના બ્હાને કેમ ગળે ? — ઉત્પ્રેક્ષા અને અપહ્નુતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હવેથી મા ! તુજ મુખાબ્જ લક્ષ્મીને,
હરીશ ના હું' શશિ એમ સાધ્વીને;
પ્રતીતિ દેવા નખના છલે કરી,
પદાગ્ર સ્પર્શે સકુટુંબ શું વળી ? ૩૮

ગતિવડે જીતતું રાજહંસ જે,
જયેચ્છુ પાની ધરતું વિશુદ્ધ જે;
તે ચર્ણ દેખી જલદુર્ગ ના ત્યજે
શું કોષદંડે યુત પદ્મ ભી ભજે ? ૩૯

સુવૃત્ત તોયે જડ ઊરૂસંગથી,
જંઘા ધરે એવી વિલોમતા અતિ;
કે તે અનુયાયિ ય લોકને અરે !
પંચેષુના બાણથી વિહ્વલા કરે. ૪૦

ઊંચા સ્તનોના ગઢયુક્ત તેહના,
અંગોરૂપી કામ-વિલાસ ગેહના;
ચારુ ઊરુ બે નવ તપ્ત હેમના,
રચેલ સ્તંભો શું વિરાજતા ઘણા ! ૪૧

૩૮. "હવેથી હે માતાજી ! હું ત્હારા મુખકમલની લક્ષ્મીને ( શોભાને ) હરીશ નહિં," એમ જાણે તે સાધ્વીને પ્રતીતિ પમાડવા માટે, ચંદ્રમા સહકુટુંબ, નખના બ્હાને, ત્હેના પદાગ્રને સ્પર્શી રહ્યો હોયની ! ઉત્પ્રેક્ષા અને **અપહ્નુતિ.**

૩૯. ગતિની લીલાથી જે રાજહંસને જીતે છે, અને જયવાંચ્છક જે વિશુદ્ધ પાની ધરાવે છે, એવું તેનું ચરણ જોઇને, જાણે ભયથી, કોષ-દંડયુક્ત પદ્મ જલદુર્ગને છોડતું નથી ! **તાત્પર્ય:-** જેમ કોઇ રાજા કોષ ( ખજાનો ) અને દંડ ( લશ્કર ) લઇને કિલ્લામાં ભરાઈ બેસે, તેમ કોષ ( પદ્મનો અંદરનો ભાગ ) અને દંડ ( દાંડી ) યુક્ત પદ્મ, જાણે પરાજયની બીકથી, જલરૂપ કિલ્લાનો આશ્રય કર્યો. ઉત્પ્રેક્ષા અને **શ્લેષ.**

૪૦. સુવૃત્ત છતાં જડ ઊરૂનો ( સાથળનો ) સંગ પામવાથી તેની બે જંઘા એવી વિલોમતા ( વિપરીતતા અથવા રોમરહિતપણું ) ધારણ કરે છે, કે તે અનુયાયી જનને પણ પંચબાણના ( કામદેવના ) બાણથી વિહ્વલ કરી દે છે. શ્લેષ અને **વિરોધાભાસ.**

સુવૃત્ત=સુંદર ચરિતવાળા, સારી રીતે ગોળ.

જડ=મંદ, જાડ્યવાળા, સ્થૂલપણાથી જડતાયુક્ત.

વિલોમતા=વિપરીતપણું, રોમરહિતપણું.

૪૧. ઊંચા સ્તનરૂપ દુર્ગવાળા, તેના અંગરૂપ કામ-વિલાસગૃહના, તેના બે સુંદર સાથળ, જાણે તાજા તપાવેલા સુવર્ણના રચેલા બે સ્તંભ હોય, એમ વિરાજી રહ્યા છે !-**રૂપક** અને **ઉત્પ્રેક્ષા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુ કરીને જડ તદ્ નિતંબને,
શીખ્યો કંઈ કામ શું તેહની કને!
ચોપાસ એણે જ તથાપિ જોઇ લ્યો!
બુધાધિપોના મદને ય ખંડિયો. ૪૨

ગંભીર નાભિહ્રદમાં નિમજ્જતા,
અનંગના ગંડસ્થલેથી ઊડતા;
ભૃંગોની શ્રેણી શું દીસંતી સુંદરી,
કુક્ષિ પરે શોભતી રોમમંજરી. ૪૩

બે મિત્ર ઊંચા સ્તન એક બાજુએ,
નિતંબ ગુરૂ પણ બીજી બાજુએ,
કાંતિ ભજું હું કયમ એમ ચિંતથી,
તેનું ધરે મધ્ય કૃશત્વ શું અતિ! ૪૪

( ચાલુ )

**૪૨.** તેના જડ નિતંબને ગુરુ કરીને, તે રાણી પાસેથી કામ કંઇક શીખ્યો છે, તો પણ જુઓ! તે કામે ચોપાસથી બુધાધિપોના (પંડિતેશ્વરોના કે દેવેંદ્રોના) મદને પણ ખંડિત કર્યો છે!–ધ્વનિઃ–તેની પાસેથી થોડુંઘણું શીખી લેનાર કામ જો આવો કેર વર્ત્તાવી શકે છે તો પછી આ દેવી તો શું ન કરી શકે? **ઉદાત્ત** અને **શ્લેષ**.

જડ=મંદ, જાડ્યયુક્ત. ગુરુ=ભારે, શિક્ષક. બુધ=પંડિત, દેવ.

**૪૩.** તેના ગંભીર નાભિરૂપી સરમાં નિમજ્જન કરતા, કામરૂપ ગજેંદ્રના કપોલમાંથી ઊડેલી જાણે ભ્રમરાવલી હોયની! એવી રોમમંજરી (રુંવાટી) તેના ઉદર પ્રદેશપર શોભી રહી છે! **ઉત્પ્રેક્ષા.**

**૪૪.** "એક બાજુએ ઊંચા સ્તનરૂપ બે મિત્રો છે. અને બીજી બાજુએ ગુરુ નિતંબ આવી રહેલ છે, તો હું કાંતિ કેમ ધરું?" એવી ચિંતાથી જાણે તેનો મધ્યભાગ અતિ કૃશપણું (પાતળાપણું) ધરી રહ્યો છે!

**તાત્પર્યઃ**–એક બાજુ સ્તન–મિત્રને કેમ હડસેલાય? અને બીજી બાજુ ગુરુ (ભારી અથવા શિક્ષક) નિતંબને પણ કેમ દબાવાય? અને આમ ન થાય તો પોતાની વૃદ્ધિ પણ કેમ થાય? એવી મોટી મૂંઝવણની ચિંતાથી મધ્યપ્રદેશ દુબળો પડી ગયો છે!! **ઉત્પ્રેક્ષાલંકાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

# વિચાર શ્રેણી.

વિશ્વવંદ્ય વિભુની વિભૂતિ વિસારે પાડીને વિષયવિકારના અંધકારમાં ભટકતા વિલાસીઓ વિકાસને બદલે વિનાશ જ મેળવે છે.

卐 卐 卐

જગતનો વિલાસ જોઇને ભગત બનેલા વિલાસિઓ ભાગ્યે જ ભગવદ્ભજનમાં લીન થાય છે.

卐 卐 卐

પ્રકૃતિ, પ્રવૃત્તિ અને વિચારની પ્રતિકૂળતામાં રહીને કઈ નિઃસ્વાર્થ વ્યક્તિ પોતાનું અહિત કરે ?

卐 卐 卐

તેવી દાક્ષિણ્યતા અને શરમ શા કામની કે પોતે નિઃસ્પૃહી, નિઃસ્વાર્થી અને નિર્મમત્વ હોવા છતાં પોતાનું અકલ્યાણ કરે ?

卐 卐 卐

દુનિયાની બે બાજુઓ એક અંદરની અને બીજી બહારની. બહારની બાજુએ રાગ છે અને અંદરની બાજુએ વૈરાગ્ય છે. બહારની બાજુને ફેરવીને જુઓ વૈરાગ્ય મળશે.

卐 卐 卐

પૌદ્ગલિક વસ્તુઓને જોવાથી મમતા મૂંઝવતી હોય તો તેનું ઉત્પત્તિસ્થાન તપાસી જુઓ. મમતા ટળી સમતા મળશે.

卐 卐 卐

સંસારમાં મનુષ્ય જેવું બુદ્ધિશાળી અને કળાવાન બીજું કોઈ પણ પ્રાણી નથી કે જે પશુ, પક્ષી અને દેવતાને પણ પોતાને વશ કરે છે.

卐 卐 卐

આત્મામાંથી રાગ-દ્વેષને વીણી કાઢવાનું નામ ધર્મ છે, તો પછી રાગ-દ્વેષને રાખી વધારી ધર્મ માનવો તે અજ્ઞાનતા જ કહી શકાય.

卐 卐 卐

ધન તથા જીવન પ્રભુને સમર્પણ કરનારને જીવવાની કે ધનની ચિંતા રાખવી પડતી નથી.

卐 卐 卐

જગતમાત્રને પોતાનું સંબંધી માની સ્નેહ કરનારની સહુ કોઇ સેવા કરવા ચ્હાય છે.

卐 卐 卐

પર્યાયદૃષ્ટિમાં ખેદ છે અને ખુશી છે, દ્રવ્યદૃષ્ટિમાં સમભાવ છે માટે પર્યાયદૃષ્ટિ ન બનતાં દ્રવ્યદૃષ્ટિ બનો.

卐 卐 卐

તારણહાર અને પાલણહારના દાસ બનીને રાજી થવું તે તો ડહાપણભરેલું ખરું, પણ મારનાર અને ડુબાડનારના દાસ બનીને રાજી થવું તે કેવું ડહાપણ કહેવાય ?

卐 卐 卐

સારો કહેવડાવવા પ્રયાસ કરનાર આત્માને ઠગીને પ્રભુની દૃષ્ટિમાં ગુનેગાર બને છે ત્યારે સારો બનવા પ્રયાસ કરનાર આત્મવિકાસી બની પ્રભુની પ્રશંસાનું પાત્ર બને છે.

卐 卐 卐

દોષોને દાટી દેવા કરતાં બાળી દેવાં સારાં છે.

卐 卐 卐

આત્માને ઠગીને દુનિયાની દૃષ્ટિમાં મહાન્ બનનાર પામર પ્રાણી છે.

卐 卐 卐

જડ વસ્તુની ચાહનામાં જીવન વ્યતીત કરનાર આત્મસ્વરૂપ મેળવી શકતો નથી.

卐 卐 卐

સર્વોત્તમ ક્રિયાકુશળ માનવી મૃત્યુને જીતી શકે છે.

卐 卐 卐

આનંદ શાશ્વતી વિશ્રાન્તિ છે માટે તેને મેળવવા પ્રયાસ કરવો જોઇએ.

卐 卐 卐

For Private And Personal Use Only

લેખક:-મુનિશ્રી હંસસાગરજી મહારાજ

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા. ]

[ ગતાંક પૃષ્ઠ ૧૩૨ થી શરૂ ]

સમ્યગ્દૃષ્ટિ મહાત્મા આવો પરમ વિરાગી છતાં ય એ ભવ–સંસારને તજી શકે નહિં ત્યાં સુધી ગૃહસ્થાશ્રમની અપેક્ષાએ અને અન્ય ગૃહસ્થોની દૃષ્ટિએ તો હરેક કાર્યમાં સર્વ ગૃહસ્થની હરોળમાં જ ઊભો રહેનાર હોવાથી ગૃહસ્થાશ્રમી જ ગણાય છે! એને પણ એની સાહ્યબી અને શોભાના પ્રમાણમાં પુત્ર, કલત્ર અને કુટુંબાદિના નિર્વાહાદિ વ્યવહારો પ્રતિ ધ્યાન આપ્યા વિના ચાલવાનું નહિં! અને એ બધું ધન વિના અસંભવિત અર્થાત્ ગૃહસ્થાશ્રમને સુવ્યસ્થિત ચલાવવાના આદ્ય હેતુભૂત ધનની અન્ય ગૃહસ્થીઓને જેમ અતિ આવશ્યક્તા તેમ તેને પણ ધનની તેટલી જ આવશ્યક્તા રહેવાની જ. તેથી યોગ અને ક્ષેમ પ્રવૃત્તિ પણ એને લક્ષપૂર્વક સેવવી પડે; એટલે કે નહિં મળેલ મેળવવું અને મળેલનું રક્ષણ કરવું એ પ્રવૃત્તિ એને લક્ષપૂર્વક–ખંતપૂર્વક સેવવી એ પણ એટલું જ આવશ્યક મનાય. એ રીતિના વર્તનથી લોકવ્યવહારમાં તો એ સર્વસામાન્ય દેખાતો હોવા છતાં ય ધર્મવ્યવહારમાં તો સર્વભિન્ન જ તરી આવે છે!

સમ્યક્ત્વ ગુણહીણને ધનના સામાન્ય ધક્કામાં ખાવું ય ભાવે નહિં ત્યારે આ પુણ્યવાનને અપૂર્વ રાજરિદ્ધિ પણ ગયે છતે મ્હોંપલટો ય થતો નથી! જેમ શ્રી રામચંદ્રજી. પેલાને ધાર્યા કરતાં અંશ અધિક લાભમાત્રમાં ભૂમિએ પગ ન છબે ત્યારે આ પુણ્ય પુરૂષને ધાર્યા કરતાં કોટીગુણા લાભમાં ય શમરસનાં અમી ઝરણાં! જેમ શ્રી દશરથ મહારાજના પુત્ર ભરતજી. પેલાને ધન ભવનાદિમાં આકંઠ રાગ, ત્યારે આ ભાગ્યવાનને એનો હાર્દિક ત્યાગ! જેમ શ્રી ભરત મહારાજા! પેલાને કંડરીકની માફક મૂકયું પણ મેળવવામાં આનંદ ત્યારે આ મહોદયને મળ્યું પણ મૂકવામાં આનંદ! જેમ એ જ કંડરીકના ભાઇ પુંડરીક. પેલાને દુર્યોધનની માફક બહુ મળ્યે મદના યોગે અતિ પાપારંભ, ત્યારે આ પુણ્યપ્રતાપીને પરમાર્હત્ કુમારપાળ મહારાજાની માફક મળ્યાનું ય પરિમાણ અને સર્વદા ધર્માનુષ્ઠાન સેવનાદિ અતિ સદારંભ! પેલાને બહુ મળ્યે મમ્મણ શેઠની માફક બહુ લોભ, ત્યારે આ ધર્માત્માને પુણીયા શ્રાવકની માફક અલ્પ પ્રાપ્તિમાં ય અતિ સંતોષ. પેલાને મેળવવામાં જ મજા ત્યારે આ ગુણનિધાનને મળ્યાનો ય સત્વર સદ્વ્યય કરી નાખવામાં જ મજા! જેમ ધનસાર શ્રેષ્ઠી. પેલો કમલ શેઠના વિમલની માફક

---

જે પોતાના જીવનની કિંમત અને કદર કરી શકતો નથી તે બીજાના જીવનની કિંમત અને કદર કેવી રીતે કરી શકશે ?

卐 卐 卐

જીવવાને માટે ખાવાની જેટલી જરૂરત છે તેનાથી પણ અધિક જરૂરત સુખના માટે ધર્મ કરવાની છે.

卐 卐 卐

જીવનની શરૂઆતથી જ સંબંધ ધરાવનાર અને જીવનું અસ્તિત્વ ઓળખાવનાર એવા દેહનો વિશ્વાસ ન રાખીને આત્મશ્રેય સાધવું જોઇએ, તો પછી દેહથી ભિન્ન ઇતર સંબંધીઓનો વિશ્વાસ રાખીને કયો ડાહ્યો માણસ પોતાનું શ્રેય સાધવામાં આળસ કરે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખૂબ પ્રાપ્તિમાં ખૂબ અક્કડ ત્યારે આ મહોદધિ અતિ પ્રાપ્તિમાં 'આનંદ શ્રેષ્ઠી'ની જેમ અતિ નમ્ર ! પેલાને ભૂં ભૂં ભૂંકતી, આગળ બીવડાવતી અને પાછળ દુર્ગંધના ગોટા ઉછાળતી મોતગાડીઓ તળે પંચેન્દ્રિય પણ પીલાય એની એવી જ પરવા, જ્યારે આરંભમાં પડ્યો સતો પણ આ પરમદયાર્દ્ર શક્યપરિહાર્ય એકેન્દ્રિયનો પણ રક્ષક ! જેમ પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજા. ઉભયમાં કેટલી તારતમ્યતા ?

ઉપર મુજબ તો શ્રીમંત ગુણીની સ્થિતિ રજૂ કરી છે; પણ નિર્ધન છતાં ય એ સમ્યક્ત્વ ધનને ધારણ કરનાર ગુણધની તો શ્રીમંત ગુણધની કરતાં ય અતીવ શુભાશયી હોય છે. દુન્યવી ધનને એ ખાસ મહત્ત્વ આપતો જ નથી. વૃત્તિ પૂરતી જ એને પંચાત. ન્હાય તેવા સંકટમાં પણ ગુણધની ધનપતિની ય યાચનાથી તો એ સદંતર પરાઙ્મુખ ! સ્વધર્મ સાથે સ્વમાન પણ સચવાય અને શ્રીમાન્ પણ પોતાને જ ભક્તિ લાભ છે એમ માનીને સહાય કરે છે એમ ખાત્રી થવા પછી પણ અતિ આનાકાનીએ જરૂર પૂરતું જ એ હાથ ઝાલે ! એમાં પણ પ્રાપ્ત થયે તો લીધું પાછું જ આપવાની એની ભાવના. એ ભાગ્યવાન્ પોતાને પ્રાપ્ત થએલ સમ્યક્ત્વ ગુણરૂપ આત્મધન પાસે દુન્યવી પૌદ્ગલિક ધનની ફૂટી કોડીની પણ કિંમત લેખતો નથી; અને એથી જ લૌકિક ધનના અભાવમાંએ અલ્પ ય ખિન્ન થતો નથી. વાત પણ સાચી છે. અખૂટ ખજાનામાં કોડીયોના જથ્થાના અભાવ માત્રથી જેમ રાજવી ખિન્ન થતો નથી તેમ જ સમ્યગ્દર્શનરૂપ લોકોત્તર ધનના અપૂર્વ અને અખૂટ ખજાનામાં ક્ષણવિનશ્વર એવા લૌકીક ધનરૂપ કોડીયોના જ અભાવમાં કોણ એવો મુગ્ધ હોય કે ખિન્ન થાય ? લૌકિક ધન એ સુખી કરે યા ન કરે અને કરે તો બહુ બહુ તો એક ભવને માટે જ્યારે ધર્મધન તો ભવભવને વિષે સુખ આપનારું છે. તેથી સાચો ધનવાન્ તો તે જ છે કે જે સમ્યગ્દર્શનરૂપ ધર્મધનનો સ્વામી બન્યો હોય. કહ્યું પણ છે કેઃ–

**धनेन हीनोऽपि धनी मनुष्यो,**
**यस्यास्ति सम्यक्त्वधनं प्रधानम् ।**
**धनं भवेदेक भवे सुखाय,**
**भवे भवेऽनंतसुखी सुद्दष्टिः ॥ ४१ ॥**

**અર્થઃ**–"જેની પાસે સમ્યક્ત્વરૂપી સર્વશ્રેષ્ઠ ધન છે તે મનુષ્ય ધનવડે હીન હોય તો પણ તે જ ખરો ધની છે, કારણ કે ધન છે તે એક ભવના સુખને માટે થાય છે જ્યારે સમ્યક્ત્વરૂપી ધન તો દરેક ભવમાં અનંત સુખને માટે થાય છે."

આ ઉપરથી એ પણ ખાસ સમજી લેવું જરૂરી છે કે–ભવરસિક આત્માઓને ભવનિર્વાહાર્થે ધનરક્ષણની જેટલી જરૂર રહે છે એના કરતાં પણ ભવનિર્વેદી આત્માઓને સમ્યક્ત્વ ધનરક્ષણની અનંતગુણી જરૂર રહે છે. ભવરસિકો ધનરક્ષાના જેટલા ઉપાય લ્યે છે તેના કરતાં પણ ભવનિર્વેદીઓ તો સમ્યક્ત્વ ધનરક્ષાના અનંત ઉપાયો જ લ્યે તો જ સમ્યક્ત્વ ધન બન્યું બન્યું રહે ! ધન કોઇ હાનિ પહોંચાડે તો તેને તન, મન અને ધનથી પણ પરાસ્ત કરવા ભવરસિકો જેમ સદાય કટિબદ્ધ જ રહે છે, તેમજ આત્મધનને હાનિ પહોંચાડવાની કોશીષ કરનારનો ઉપરોક્ત સમસ્ત પ્રકારે પ્રતિકાર કરવા ભવનિર્વેદીઓ અનંતગુણા જ કટિબદ્ધ રહે જ ! આવો સર્વોત્તમ ગુણી સમ્યગ્દષ્ટિ આત્મા પણ કર્મવશાત્ સંસારમાં રહેલો હોવાથી આપણે કહી ગયા તે મુજબ ગૃહસ્થાશ્રમી તો ગણાય જ, છતાં વિશિષ્ટતા એ છે કે અન્ય ગૃહસ્થો સંસારરૂપ શ્લેષ્મમાં માખીની જેમ ચોંટી જાય છે, જ્યારે આ પરમ ગુણનિધિ એવા જ સંસારમાં રહ્યો છતાં સંસારથી એ જલકમલવત્ ન્યારો ને ન્યારો !!! આ અપૂર્વતાને ધારણ કરતો હોવાથી જ સમ્યગ્દષ્ટિ એ સર્વોત્તમ શ્રેષ્ઠ સદ્ગૃહસ્થ છે !

## અવિરિત શ્રાવક.

આજે તો શ્રાવકકુળે જ શ્રાવકધર્મ છે ! જે વખતે કુળે ધર્મ ન હતો ત્યારે તદ્દન અપરિચિતને જેમ દીક્ષા પણ પરીક્ષા બાદ જ આપવાનું શાસ્ત્રીય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધાન છે તેમ વિરતાવિરત શ્રાવકધર્મ પણ પરકુળના અપરિચિતને પરીક્ષા બાદ જ 'અધિકારી ઓળખીને' આપવાનું શાસ્ત્રીય ફરમાન છે! અને તે નીચે મુજબ.

**तत्थऽहिकारी अत्थी,समत्थओ जे न सुत्तपडिकुट्ठो ॥**
**अत्थी उ जो विणीओ समुट्ठिओ पुच्छमाणो य ॥५०॥**

**અર્થ:**—શ્રાવક ધર્મનો અધિકારી કોણ? અર્થી. ધર્મ જે કોઇ માગે તે અર્થી, એમ જ કહો તો 'સાહેબ! મને આપો, મને આપો' એમ બોલી ધર્મ યાચતો અજ્ઞ બાળ પણ ધર્મ માગે, તેથી શું તેને પણ અર્થી માનવો! તો કહે ના! समत्थओ-**સમર્થ:**—ધર્મના સ્વીકાર સાથે પાલન પણ કરવા સમર્થ હોય તેવો અર્થી! અહિં કોઇ કહે કે શ્રી ઉદાયન નૃપહંતા વિનયરત્ન અભવીની માફક કોઇ ધર્મ કરવા પણ સમર્થ હોય તો શું તેને પણ ધર્મ માટે સમર્થ માનવો? તો કહે છે કે ના सुत्तपडिकुट्ठोन-સૂત્રથી નિષિદ્ધ હોય તેવો નહિં! સૂત્રને વિષે જે જે કુળ અને જાતિનાં મનુષ્યો ધર્મ માટે નિષિધ્યાં છે, તેમાંનો કોઈ નહિ. એ રીતએ ધર્મ માટે દૂષણહીન અધિકારી જોવાનું કહીને શાસ્ત્રકાર તેવા નિર્દોષ અર્થીનાં સ્વયં લક્ષણ જણાવતાં ફરમાવે છે કે—તેવો અર્થી, વિનીત હોય-ધર્મ માટે તૈયાર થયેલો હોય અને ધર્મ પૂછતો આવે.' ઇત્યાદિક ગુણ પ્રાકટતાને લીધે સર્વોત્તમ સદ્‌ગૃહસ્થ શ્રાવકોચિત એકવીશ ગુણોને એ સંગ્રહી શકવા સમર્થ હોવાની ખાત્રી કરાવે છે! ઉપરોક્ત ગુણપ્રાકટ્યતા શ્રાવક કુલમાં તો સદા ય પ્રકટ જ છે! એ આત્માઓ ધર્માધિકારી છે.

## દેશવિરતિવાન્ શ્રાવક.

પૂર્વોકત એકવીશ ગુણાધિકારીને દેશવિરતિ ધર્માધિકારી શ્રાવકપણે ઓળખવાને માટે પણ સિદ્ધાંત ફરમાવે છે કે—

**संपत्त दंसणाइ, पइदियहं जइजणा सुणेइय ॥**
**सामायारी परमं, जा खलु तं सावयं बिंति ॥५१॥**
**परलोगहियं सम्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ॥**
**अइतिव्वकम्मविगमा उक्कोसो सावगो इत्थ ॥५२॥**

**અર્થ**—'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યાં છે જેમણે એવો એકવીશ ગુણરત્નાધિકારી સુશ્રાવક પોતાને પરમ ઇષ્ટ પદે વિરાજતા મુનિઓને હરહંમેશ સ્થિરચિત્તે સાંભળે અને મુનિવરોના શ્રીમુખે મુનિ અને શ્રાવક ધર્મની સામાચારી તદ્‌ગતચિત્તે સાંભળે અને યથાશકિત આદરે તેને પરમ પુરૂષો શ્રાવક કહે છે. પ્રકારાંતરે જે સમ્યક્ પ્રકારે પરલોકહિત કાર્યરુચિવંત હોઇને શ્રી જિનરાજના, પરમહિતકર વચનકુસુમોને અતિ ઉદ્યમવંત બનીને સાંભળે, તેમજ તેમજ પ્રાણિઘાતાદિ અતિ તીવ્ર કર્મથી વિરમે તેને દેશવિરતિધર શ્રાવક જાણવો અર્થાત્ દેશવિરતિધર શ્રાવક તેવો ગુણિયલ હોય છે.

## ભાવશ્રાવક અને તેના સત્તર ગુણ.

**इत्थिंदियत्थ संसारविसयारंभगेहदंसणओ ॥**
**गड्डरिगाइपवाहे पुरस्सरं आगमपवित्ती ॥ ५३ ॥**
**दाणाइ जहासत्तीपवत्तणं विहिरत्तदुट्ठे य ॥**
**मज्झत्थमसंबद्धो परत्थकामोवभोगीय ॥ ५४ ॥**
**वेसा इव गिहवासंपालइ सत्तरसपयनिबद्धंतु ॥**
**भावगयभावसावगलक्खणमेयंसमासेणं ॥५५॥**

**અર્થ**—'સ્ત્રી, ઇન્દ્રિય, અર્થ, સંસાર, વિષય, આરંભ, ઘર, દર્શન, ગાડરીઓ પ્રવાહ, આગમપુરસ્સર પ્રવૃત્તિ, દાનાદિક ધર્મને વિષે યથાશક્તિ પ્રવૃત્તિ, વિધિ, અરકતદ્વિષ્ટ, મધ્યસ્થ, અસંબદ્ધ, પરાર્થકામોપભોગી, વેસ્યાવત ઘરવાસ પાલનાર—એ સત્તર પદે કરીને નિબદ્ધ એવું સંક્ષેપે કરીને ભાવગત ભાવશ્રાવકનું લક્ષણ કહ્યું.'

**૧. સ્ત્રી**—મોહની રાજધાની, ચંચળ ચિત્તવૃત્તિયુતા અને નરકની વાટ સમી હોઇને ઇહ પરભવ મહાઅનર્થદાયી માનીને એને છોડે.

૨. ઇન્દ્રિયરૂપી ચપલ તુરંગોને 'યથેચ્છ નાચવાના પરિણામે આત્માને અનર્થના ઊંડા કૂપમાં પાડતા અટકાવવા માટે' જ્ઞાનરૂપી રશ્મિપાસથી રૂંધીને આત્મહિતમાં જ યોજે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. અર્થ, એ મહાન્ ક્લેશનું કારણ હોઈને એને નિઃસાર માને અને છોડવા જ પ્રયત્ન કરે.

૪. સંસારને દુઃખસ્વરૂપ અને દુઃખનો જ હેતુ માનીને તેનાથી છૂટવા પ્રયત્ન કરે.

૫. વિષયસુખોને વિષ કરતાં ય ભયંકર માને! કારણ કે વિષ એક વાર મારે છે જ્યારે માત્ર 'ય'કાર અક્ષરે જ મોટો જણાતો 'વિષય' પ્રાણીને દુર્ગતિમાં પટકીને ભવોભવ મારે છે! અને એથી થતા ક્ષણિક નામસુખોને પણ સાકર લગાવેલી તીક્ષ્ણ ધારમયી છૂરી ચાટવા તુલ્ય પરિણામે ભયંકર દુઃખદ માનીને એને તજી જ દેવા એ હરહંમેશ કાળજી ધરાવે.

૬. આરંભ, સમારંભને નરકનાં કારણો માનીને નિરારંભી જ બનવા માટે નિરારંભી (મુનિવરો) જનોનો દૃઢ રાગી બને.

૭. ગૃહવાસને ગળાપાસ માનીને ગૃહવાસનો મોહ જીતવા ઊજમાળ બને.

૮. દર્શન (સમ્યક્ત્વ)ને સુદૃઢ બનાવવા ગુરુ-મહારાજની વિવિધ પ્રકારે પૂજાભક્તિ કરે અને પોતાની દૃઢ શ્રદ્ધાની પ્રતીતિરૂપ ગુરુદેવની પ્રશંસા કરવામાં સર્વશક્તિ વાપરે.

૯. ગાડરીઓ પ્રવાહ (લોકહેરી) સર્વથા ત્યજે અને ધર્મકાર્યોમાં લોકોત્તર રીતિએ ધીરપણે વર્તે.

૧૦. આગમ–પરલોક સાધવામાં આગમને જ પ્રધાન માને. આગમ સિવાય અન્યના વચનોને પ્રમાણ માને જ નહિ. દરેક ક્રિયામાં આગમને જ અનુસરે.

૧૧. દાનાદિક યથાશકિત પ્રવૃત્તિ–દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મચાતુરંતને વિષે જ રક્ત એવો તે પુણ્યવાન્ બાધા રહિતપણે ઉપરોક્ત ધર્મ-ચતુષ્ટયીમાં અલ્પય શકિત ગોપવ્યા વિના સતત પ્રવૃત્તિભાક્ રહે.

૧૨. વિધિ–ચિંતામણિ સમો શ્રી જિનધર્મ આરાધવા શાસ્ત્રે ફરમાવેલો વિધિસેવતાં મુગ્ધ લોક ઉપવાસ કરે તો પણ ધર્મક્રિયાને ન તજતો એ શુભક્રિયાના મહિમાનો જનતામાં ગર્જારવ કરે.

૧૩. અરક્તદ્વિષ્ટ–દેહનિર્વાહનાં સાધનો–ધન, ભવન, સ્વજનકુટુંબ, સ્ત્રીપરિવાર, આહાર અને વસ્ત્રાભૂષણાદિમાં રાગદ્વેષરહિત (મંદ આદરવાળો) રહે.

૧૪. મધ્યસ્થ–ધર્મનું સ્વરૂપ વિચારતાં, કષાયોને વશ પડી કોઈના પણ પક્ષમાં ભળીને રાગદ્વેષ કરવાવડે ધર્મવિચારનો પરાભવ ન કરતો સતો મધ્યસ્થ રહે.

૧૫. અસંબદ્ધ–શરીર, ધન, સ્વજન, યૌવન અને જીવિતાદિની ક્ષણભંગુરતા માનતો સતો તે સર્વ સંસારી ભાવોથી અસંબદ્ધ–નિર્લેપપણે વર્તે.

૧૬. પરાર્થકામોપભોગી–સંસાર એ પરમદુઃખનું સ્થાન છે, ભોગોપભોગો તૃપ્તિના હેતુ નથી અને સંસારથી સર્વથા વિરમવા વિરતિના પરિણામોનું સેવન કરે અને નિપાતમાત્ર મધુરા અને પરિણામે અતિ કટુક એવા ભોગોપભોગોને તો અન્યની દાક્ષિણ્યતાથી જ સેવે.

૧૭. વેશ્યાવત્ ઘરવાસ પાળનાર હોય–વેશ્યા જેમ નિર્ધન કામુકને આજકાલમાં તજી દેવાની વૃત્તિએ નિર્વહે તેમ આ મહાપુણ્યનિધાન ભાવશ્રાવક પણ ગૃહવાસને હાનિકર માનીને આજકાલ જ તજી દેવાની ભાવનામાં વર્તે.

## ગુણરત્નની ખાણસમા શ્રાવકકુળની ઉત્તમતા.

શ્રાવક કુળનો પૂર્વોક્ત પુણ્યવાન્ ઉત્તમ સદ્-ગૃહસ્થ–અનંત પુણ્યરાશીથી પ્રાપ્ત આર્યદેશ ઉત્તમ જાતિ અને દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્યપણું ધર્મથી જ સફલ માને છે અને તેથી જ એ સદાચારી મહાભાગ સમગ્ર માનવજીવન ધર્મમય બનાવીને જ તોષ પામે છે; કારણ કે શાસ્ત્રકારોએ પણ મનુષ્યભવ એથી જ ઉત્તમ કહ્યો છે કે તે ભવમાં જ સર્વસુખનો પ્રધાન હેતુ એવો ધર્મ થઈ શકે છે.

કહ્યું છે કે—

**धर्मो जगतः सारः सर्वसुखानां प्रधानहेतुत्वात् ॥**
**तस्योत्पत्तिर्मनुजात्सरं तेनैव मानुष्यम् ॥ ४१ ॥**

**અર્થ:**—'જગતનો કાંઇ પણ સાર હોય તો તે ફક્ત ધર્મ જ છે.' કોઇ અહિં શંકા કરે કે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાથી કહો છો? અમોને તો ધન, કુટુંબ, સ્ત્રી પરિવાર, વાડીગાડી, સુંદર ભોગોપભોગ, અમન-ચમન અને યથેચ્છ વિચરવું એ જ જગતનો સાર લાગે છે તેનું કેમ? તેને ઉત્તર આપતાં અહિં બીજા જ પાદમાં શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે– 'તમો જે સુખો ગણાવો છો તે સુખો અને એ સિવાય ઇન્દ્રાદિનાં પણ સર્વ સુખોનો પ્રધાન હેતુ તો ધર્મ જ છે.' કારણ કે જગતના ઉપરોક્ત સર્વ સુખોને જગતના સર્વ પ્રાણીઓ ઇચ્છતાં હોવા છતાં તેટલાં કે તેમાંના આંશિક પણ સુખોને કેટલાક આત્માઓ પામતા જ નથી તે તો પ્રત્યક્ષ જ અનુભવાતું હોવાથી તેવાં પણ સુખો જે પુણ્યવાનો પામ્યા છે તેઓ તેવું પુણ્ય પૂર્વે ઉપાર્જીને આવેલા હોવાને લીધે જ પામ્યા છે, આથી તેવાં પણ સુખોનો પ્રધાન હેતુ તો ધર્મ જ છે એ સ્વતઃસિદ્ધ છે. 'ધર્મ પણ મનુષ્યથી જ થઇ શકે છે' કારણ કે ધર્મ કરનાર જ પંચમગતિ(મોક્ષ ગતિ)ને પામી શકે છે, અને તે મોક્ષ ચાર ગતિમાંથી એક મનુષ્યગતિ પામેલ આત્માને જ લભ્ય છે; અર્થાત્ મનુષ્ય જ મોક્ષ મેળવી શકે છે. 'આ હેતુથી જ મનુષ્યપણું એ પ્રધાન લેખાયું છે' અર્થાત્ મનુષ્યપણું એ જ ઉત્તમ એમ માનીને મનુષ્યપણું પામ્યા પછી એ જેનાથી ઉત્તમ લેખાય છે તેવા ધર્મ વિનાનાને અન્ય દર્શનીઓ પણ પશુપ્રાયઃ જ લેખે છે. જુઓ મહાભારત શાન્તિપર્વ અ० ૭, શ્લો ૨૯–

> आहारनिद्राभयमैथुनं च,
> सामान्यमेतत्पशुभिर्नराणाम् ॥
> धर्मो हि तेषामधिको विशेषो
> धर्मेण हीनाः पशुभिः समानाः ॥ ४६ ॥

**અર્થઃ**—'આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચારે સંજ્ઞા તો મનુષ્યોની જેમ પશુઓમાં પણ સર્વમાન્ય છે, ફક્ત મનુષ્યોમાં એથી કાંઈ જો અધિક હોય તો તે ધર્મ જ છે! તેથી મનુષ્ય ભવ પામીને પણ જેઓ ધર્મહીણ જીવન ગુજારે છે તેઓ તો પશુ જેવા જ મનુષ્યો છે.'

આથી પૂર્વોક્ત સદ્‌ગૃહસ્થ તો સંસારમાં સારભૂત ધર્મને જીવનમાં એટલી મજબૂત રીતિએ ઓતપ્રોત કરી દે છે કે એને સમગ્ર સંસાર લુખ્ખોલુખ્ખો જ જણાતો હોવાને લીધે ગૃહસ્થાવાસમાં પણ સંસારને ધક્કો જ મારે છે. સંસાર પણ એનાથી 'આવ નહિં આદર નહિં, નહિં નેનમાં નેહ, ઉસ ઘર કબુ ન જાઇએ, કંચન વરસે મેહ.' એ ઉક્ત્યનુસાર દૂર દૂર ભાગતો ફરે છે. આવા ઉત્તમ ગુણરત્નપણાની સહજ પ્રાપ્તિ એ શ્રાવક કુલનો જ પ્રતાપ છે.

[ચાલુ]

## સ્મરણાંજલી.

( હરિગીત )

( સંગીત લુબ્ધક ગાન તારું આજ ના અટકાવતું–એ રાગ )

હેમચન્દ્રાચાર્યનાં સ્મૃતિ ગાન આ હૃદયે રમે,
મન હર્ષ નૃત્યે ઉછળે અશ્રુ વહે ચક્ષુદ્વયે. ૧
ચંચલ મને સ્થિરતા વસે ને અહંતણા ચૂરા બને,
દ્રવતો હૃદે કંદર્પને મત્સરતણી પીડા ટળે. ૨
જિન ધર્મ કીર્તિ ચન્દ્રદર્શે ક્રોધ અંતરનો ગળે,
અભિમાન નાશે દૂરને વળી લોભ લોલુપતા ત્યજે. ૩
મદ પ્રેમમાં પલટી જતો આચાર્ય એવી કલા,
રસસાગરે મસ્તીભર્યા આનંદની પછી શી સીમા. ૪
રસપૂર્ણ લેખિની ગૂઢી 'જ્યોતિર્ધરે' મનડું હર્યું,
હેમેન્દ્ર ગાતાં અજિત ગાનો અલ્પતા મન ધારતું. ૫

—મુનિશ્રી હેમેંદ્રસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહકઃ—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# અમૃત – ઘૂંટડો.

૧. જાગ્રતિ કર–ઉંઘને છોડ.

૨. આત્મીય, કાયિક, વાચિક ને માનસિક ગુણોની અવલોકના કર, ત્રુટી પૂરી કર ને વૃદ્ધિના ઉપાયો યોજવા તત્પર થા.

૩. નીતિમય અને ઉપકારમય જીવનની કદરબૂઝ.

૪. સન્માર્ગદેશક, પરમ કોટી પ્રાપ્ત, શુદ્ધ માર્ગપ્રવર્ત્તક ને તેના મદદગારોને નમન કર.

૫. ગતકાલની ભૂલો સુધારી લેવા પશ્ચાતાપ કર ને તે ન થવા કટિબદ્ધ થા.

૬. વચન અને મનનો મૂળ આધાર કાયા છે.

૭. વ્યાયામ વગરની કાયા કેળના સ્તંભ સમાન અસાર છે.

૮. કાયાનો સડો આળસ છે, એટલું જ નહિ પણ ઉદ્યમ રહિતપણું એ મોટો ને નહિ ખસેડી શકાય તેવો સડો છે.

૯. દેવ, ગુરુ, અને ધર્મની શ્રદ્ધાવાળો મનુષ્ય જ પોતાના આલોક અને પરલોકને સાધે છે.

૧૦. ભવિષ્યનો વિચાર કરી પ્રવૃત્તિ કરવી તેનું નામ જ વિવેક.

૧૧. આવતી જિંદગીને યાદ કરીને કાર્ય કર.

૧૨. માત–પિતા, ગુરુ અને શિક્ષકના કથનને માન આપવું તે જ સૌજન્ય.

૧૩. પરોપકાર માટે અને આત્મોદય માટે નિઃસ્વાર્થતા, સદ્વર્ત્તન, સહિષ્ણુતા ને પવિત્ર સંકલ્પની મુખ્ય જરૂર છે.

૧૪. હિતચિંતન, ગુણીરાગ, દીનોદ્ધાર અને માધ્યસ્થ વૃત્તિ એ જ ઉદયની કુંચી છે.

૧૫. ધર્મથી નિરપેક્ષ થનાર જે મનુષ્ય હોય તેના જેવો ભાગ્યોદયની સામે થનાર બીજો કોઇ જ નથી

૧૬. ધર્મીષ્ઠોની સંગતિ દુર્વ્યસનોથી બચાવે છે.

૧૭. ભાગ્યનો પણ ઉદ્યમથી જ ઉદય થાય છે.

૧૮. જે ઉદ્યમવાદી હોય તે જ મોક્ષ મેળવી શકે છે.

૧૯. પોતાના અને પરના જીવનને સરખો ગણી બન્નેની પીડાનો ત્યાગ કરે તે જ જાણકાર.

૨૦. જૂઠું બોલનાર પોતાની અને પરની આત્મહત્યા કરે છે.

૨૧. પરસ્ત્રીગમન કરનારો ચંદનને મૂકી બાવળને વળગે છે.

૨૨. અન્યાયથી કે સટ્ટા વગેરેથી પારકા દ્રવ્યને ચાહનાર મળેલા દ્રવ્યનો પણ નાશ કરે છે.

૨૩. લક્ષ્મીની ચંચલતા તેને જ નડે કે જેઓ લક્ષ્મી આવે તે વખતે તેનું દાન વગેરે ફળ ન લે.

૨૪. ગુણની કિંમત ઝવેરીની માફક વિવેકીઓ જ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૫. ગુણી થવું હોય તો પ્રથમ વિવેકી બન.

૨૬. આ દેહ અશુચિનું યંત્ર છે, માટે તેના પર મોહ નહિ કર.

૨૭. મનુષ્ય ભવ ઘણો જ દુર્લભ છે માટે તેને સફળ કર.

૨૮. ઊંચી હદે ચઢે ત્યાં સુધી તે હદવાળાઓની સેવામાં રહીને પોતાની હદમાં વધારો કર.

૨૯. જિંદગીના કોઈ પણ પ્રસંગને પહોંચી વળે તેવી કેળવણી વગેરેની તૈયારી રાખવી એ સમજુનું કામ છે.

૩૦. લોકો માનની લાગણી રાખે તે કિંમતી છે, પણ પોતાના મનની માનની લાગણી નકામી છે.

૩૧. વિશ્વાસ અને અવિશ્વાસ અનુક્રમે ગુણ અને દોષને આભારી છે.

૩૨. માનીને જાણવા કરતાં જાણીને માનવું સેંકડે દરજ્જે ચઢીયાતું છે.

૩૩. દેવ અને ગુરુની પવિત્રતા જ અચિન્ત્યપણે ભક્તોના આત્માની ઘટના કરે છે.

૩૪. વિચારનો સુધારો થાય તો જ વચન અને કાયાનો સુધારો થઈ શકે.

૩૫. સાચી વસ્તુ છોડવી તે જ મનની ચોરી.

૩૬. મનની દૃઢતાવાળા હોય તેઓ જ પોતાના સુંદર કાર્યોનું ફળ મેળવી શકે છે.

૩૭. સદ્ગુરુની સેવા દુર્વ્યસનોનો નાશ કરે છે, ને નવા દુર્વ્યસનો થવા દેતી નથી.

૩૮. સદ્ગુરુના વાકયો આ ભવ અને અન્ય ભવમાં વિપત્તિથી બચાવે છે.

૩૯. અભક્ષ્ય અને અપેયનો ત્યાગ કરીને ભોજન થાય તે જ ભોજન કહેવાય.

૪૦. વિચારીને બોલવું તેનું જ નામ સદ્વાકય.

૪૧. જે વિચારોમાં અન્યને દુઃખ થાય તેવું ન ચિંતવાય તે સદ્વિચાર.

૪૨. જે વૃત્તિથી પરોપકાર થાય પણ પરોપકાર ન થાય તો જ તેને સત્યવૃત્તિ કહેવાય.

૪૩. શયન વખતે દિવસની માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ તપાસી શુભ અશુભની વહેંચણ કર.

૪૪. શયન વખતે પણ અશુભ પ્રવૃત્તિને રોક.

૪૫. શયન વખતે પણ ઇષ્ટ દેવનું સ્મરણ કર.

૪૬. સંકલ્પ રહિત શુદ્ધ નિદ્રા લેવાના ઉપાયો જોડ.

૪૭. આ ભવ કે પરભવની જોખમદારીમાંથી મુક્ત થઈ શયન કરનાર ભાગ્યશાળી કહેવાય.

૪૮. પવિત્ર તીર્થો તે જીવતા મહાપુરુષો છે.

૪૯. ઉદ્ભટ વેષ, ઉદ્ભટ વચન અને ક્ષુદ્ર હૃદય એ જ દુર્જનતાનું મૂળ છે.

૫૦. પાપથી ભીરુ બનનાર જ નીતિને સાચવી શકે છે.

૫૧. નીતિમય જીવનની મનોહરતા અલૌકિક છે.

૫૨. પોતાના હૃદયને શાન્તિનું સ્થાન ધર્મ સિવાય બીજું કાંઈ જ નથી.

૫૩. સર્વની સાથે મૈત્રી રાખવા સાથે વૈરને ભૂલી જા.

૫૪. સન્મિત્રો કર અને તું પણ બીજાનો સન્મિત્ર થા.

૫૫. જન્મમરણનો ભય ટાળવા પ્રયત્ન કર.

૫૬. અશુભ પ્રવૃત્તિ થાય તે પહેલાં મૃત્યુના દિવસને યાદ કર.

૫૭. તારા કુલ અને ધર્મની ભૂમિકા સાચવ.

૫૮. મહાપુરુષોનો સમાગમ સંસારથી તારે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ-રા. ચોકસી.

# મન સાધ્યું તેણે સઘળું સાધ્યું.

**શ્રી** શાન્તિજિન સ્તવનમાં જોઈ ગયા કે સાચી શાંતદશાની પ્રાપ્તિ નિશ્ચયી આત્મા માટે દૂર નથી, પણ એ સારુ એણે પ્રણિધાન–એકાગ્રતા કરવી જોઇએ. એ સારું નિશ્ચળ ધ્યાનની આવશ્યક્તા લેખાય. જ્યાં સુધી મન પર કાબુ ન જામે ત્યાં સુધી ધ્યાનમગ્નતા લાભી શકાય નહીં. એટલે હવે મુમુક્ષુ આત્મા એ દિશામાં આગળ પગલા માંડવા જ્યાં તત્પર બને છે ત્યાં મન, વચન, કાયારૂપ ત્રિયોગ પર સત્તા સ્થાપવાની વાત નેત્ર સામે તરવરે છે. એમાં પણ જ્યાં મન પર અંકુશ ધરવાનો વિચાર સેવે છે ત્યાં જાતજાતની મુશ્કેલીઓ નજર સામે જણાય છે. એથી એ સત્તરમાં તીર્થપતિ સામે અવનત મસ્તકે પ્રશ્ન કરે છે—

હે પ્રભુ, આ વિચિત્રતાથી ભરપૂર એવું મનડું શાથી વશ થાય ? આવો પ્રશ્ન કરનાર મુમુક્ષુ આત્મા પ્રથમ જ છે એમ માનવાનું નથી. લેખક, વક્તા અને કવિઓએ પણ 'મનડા' ને યાદ કર્યું છે.

'ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો ?
ભમ્યો દિવસ ને રાત;
માયાનો બાંધેલ પ્રાણિયો,
સમજ્યો નહિં કંઈ વાત—ભૂલ્યો.

A mind is deep ravine અથવા તો 'મન એ ઊંડી ખાઈ છે.' 'મનરૂપી ગુહાનો કોઇ પાર ન પામે.'

ઉપરના વાકયો પુરવાર કરે છે કે મનજી-ભાઈની સાધના ઘણી કપરી છે. એ કંઈ બચ્ચાની રમત નથી. એ સારું દૃઢનિશ્ચય અને ખરી અણવૃત્તિ જોઇએ. એ ઉપરાંત એ જાતની સાધનામાં દોરવણી આપે તેવા નાયક-ની પણ જરૂર. કુંથુનાથ પ્રભુ નાયકની ગરજ સારે તેમ છે. તેમણે ચક્રવર્તીપદ ભોગવી છ ખંડ ધરતીની નેતાગીરી કરી બતાવી છે. ષડ્રિપુ અને અઢાર દૂષણ પર સંપૂર્ણ જય પ્રાપ્ત કરી, આત્મલક્ષ્મી પણ સિદ્ધ કરી છે. મનોપ્રદેશમાં એકછત્રી સામ્રાજ્ય સ્થાપ્યા વિના આત્મસાક્ષાત્કાર શકય નથી જ. આવા અનુભવી નેતા મેળવીને તેમની સામે અધ્યાત્મપંથે પ્રગતિ સાધતો આત્મા, પોતાને કયાં કયાં મુશીબતો નડે છે અને એમાં કેવા પ્રકારની મદદની જરૂર છે એ બાબતમાં મનજી-ભાઇની વિચિત્ર કહાણી વર્ણવે છે. શ્રીમદ્ આનંદઘનજીએ સંકલનાને પોતે જ જાણે મુમુક્ષુ આત્માની સ્થિતિમાં ન હોય એવી રીતે સ્તવનમાં ઉતારે છે. એનો ભાવ નિમ્ન પ્રકારે રજૂ થાય છે.

હે પરમેશ્વર, આ મનડું કોઈ રીતે કબજામાં રહેતું નથી. જેમ જેમ સમજાવીને કામ લેવા જઉં છું તેમ તેમ તે વધારે દૂર ભાગે છે ! 'જે જેને અભિલખે રે, તે તેથી દૂર ભાગે' જેવો ઘાટ થાય છે ! પ્રાણાયામ કે રેચક,–પુરક ને કુંભક વિગેરે ક્રિયાઓ કેટલીયે વાર નિષ્ફળતાને વરે છે ? અને દેહમાં પ્રકોપ પેદા કરી વિપરીત અસર જન્માવે છે. કદાચ શંકા ઉપજે કે મનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવ જ એવો છે કે તે પોતાનું સ્થાન છોડી અન્યત્ર ન જાય, પણ એવું નથી જ; કેમકે આ મનરૂપી અશ્વ તો વીસમી સદીની વિદ્યુત ગતિ કરતાં પણ વધુ શીઘ્રગામી છે. નથી એને રાતના અંધારા આવરી શકતા કે દિવસનો તાપ શ્રમિત કરી શકતો. એ ઘોડા ને ભરચક વસતી કે ઉજ્જડ અરણ્યમાં ગતિ કરતાં કોઈની રોકાવટ છે જ નહીં. અરે એ તો આકાશ અને પાતાળમાં પણ ઉછળ્યો જાય છે! આવા ચંચળસ્વભાવી આ મનજીભાઇ છે. અપ્રતિહતગતિવાળા છે! આમ છતાં આશ્ચર્યની વાત એ છે કે આટલું ભ્રમણ કરવા છતાં રહે છે ખાલીના ખાલી! 'ફરે તે ચરે' એ જનોક્તિ છે. જુદા જુદા ભાગમાં ફરનાર, જાતજાતના શબ્દ,-રૂપ,-રસ,-ગંધ અને સ્પર્શનો અનુભવ મેળવે એ ઊઘાડી વાત છે; છતાં અહીં તો એવું કંઈ જ નથી. સાપના મુખ જેવી મનડાની સ્થિતિ છે! સાપ કોઇને કરડે છતાં એના મુખમાં કંઈ ન આવે! એ તો ખાલીનું ખાલી જ રહે! એમ આવા ભટકનારા આ મનજીભાઈની મહેનતનો પાંચે ઇંદ્રિયો લાભ ઉઠાવી જાય છે? એ તો કોરાના કોરા જ રહે છે! સમુદ્રમંથન કરી દેવોએ રત્નો મેળવ્યા, મહાદેવના ભાગે વિષ રહ્યું એમ પુરાણો કહે છે; છતાં આ મનને એટલું પણ નહીં! આવું સ્વરૂપ સાંભળીને જો જો ભાઇસાહેબને નિઃસત્ત્વની કોટીમાં હડસેલી દેતાં, જ્યાં એ વિફર્યા કે ખેલ ખલાસ! માત્ર મારા, તમારા અથવા સ્તવનકાર કે શ્રોતાઓનો જ નહિં પણ ભલભલા વિચારકો અને તત્વચિંતકોનો પણ ખેલ ખતમ કરી નાખે છે.

મુગતિતણા અભિલાષી તપીયા,
જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે,
નાંખે અવળે પાસે હો.

એ અનુભવસિદ્ધ વચનો તેથી આળેખાયા છે. જૈન કથાસાગર એને લગતા પુરાવાથી ભર્યો પડ્યો છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત તો જાણીતું છે બાકી એ મનુભાઈના ચઢાવ્યા બાહુબળિ ચઢ્યા અને પ્રદક્ષિણા દેતી કેવલશ્રીને ન જોઈ શકયા! એ ભાઈશ્રી પાંચ પાશમાં લપટાયેલા સુભુમ ચક્રીને છખંડ ધરતીથી સંતોષ ન થયો! એની માયામાં ફસાઈ જઈ, ઘેર મંદોદરી સતી જેવી વલ્લભા છતાં રાવણે સીતાનું અપહરણ કર્યું અને સ્વનાશ નોતર્યો તેથી તો જ્ઞાની પુરુષોને સારભૂત વાકય વદવું પડયું કે—

**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः।**

અર્થાત્ માનવ માત્રને બંધનમાં નાખનાર કર્મની વિચિત્ર જાળમાં ફસાવનાર અથવા તો એ દારુણ જાળની સાથે કાયમી છૂટા છેડા કરાવનાર જો કોઈ સાધન હોય તો તે 'મન' જ છે. માત્ર બે અક્ષરના બનેલા આ શબ્દે સારાયે વિશ્વની ગતિમાં જબરા ખળભળાટો જન્માવ્યા છે, ભલભલા વિચારકોને મૂંઝવ્યા છે, મોટા મોટા મહારથીઓને હતા નહતા કરી નાખ્યા છે.

સાંભળ્યું છે કે આગમના ધારકો કિંવા સમ્યગ્જ્ઞાનના ધરનારા પાસે એ દુઃખે કરી કાબૂમાં લઇ શકાય એવા મનરાક્ષસને દબાવવાનો ઉપાય છે પણ ખાટલે ખોડ એ છે કે એવા સદ્ગુરુનો યોગ મારા જેવા પામર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના નશીબમાં હોય ક્યાંથી ? કદાચ સામા મળે તો પિછાનવાની શક્તિ પણ નહિંવત્.

પુન્યયોગે એ સામગ્રી મળી જાય તો એ મહાપુરુષને બતાવેલ માર્ગે જવાના ફાંફાં. વિધાનમાં તદ્રૂપતા દાખવી જ ન શકું ! વળી વર્તમાન કાળની મુશ્કેલીઓ એ છે કે આગળ વિષે જેમનો પ્રવેશ છે તેમના ભિન્નભિન્ન સૂત્રનો કંઇ છેડો જ નથી.' એવામાં આ મન માંકડું ચીડાયું કે પૂરા બાર વાગ્યા ! એની ગતિ સાપની માફક વાંકી અને ટેઢી બની જાય ! એના રંગબેરંગી ને વિચિત્ર વિલાસો નિરખતાં કહેવું પડે કે–

જો ઠગ કહું તો ઠગતું ન દેખું,
શાહુકાર પણ નાંહી,
સર્વમાંહે ને સહુથી અળગું;
એ અચરિજ મનમાંહી.
જે જે કહું તે કાન ન ધારે,
આપ મતે રહે કાલો;
સુરનર પંડિત જન સમજાવે,
સમજે ન મારો સાલો.

વ્યાકરણ તરફ દૃષ્ટિ જતાં ત્રણ લિંગ–પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુસકલિંગ–માં એનો નંબર નપુસકલિંગમાં આવે છે. દુન્યવી વ્યવહારમાં એ લિંગધારીઓની કંઇ જ ગણના થતી નથી. સાવ નિર્માલ્ય અને બાયલા ગણાય છે, પણ અજાયબી પમાડે તેવી બાબત તો એ છે કે આ નપુંસકલિંગી મન ભલભલા પુલ્લિંગીઓના કાન પકડાવે છે ! એ પેલા નમાલાની લંગારમાં કેમ જઈ પડ્યા હશે ? બાકી સર્વ મરદોને ઠેલી દેવાની તાકાત ધરાવનાર છે. 'બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે' એ ઉપમા તેથી જ દેવી પડી છે.

હે પરમકૃપાળુ ! આ વિલક્ષણ પશુ–અશ્વની ઉપમા નજર સામે રાખીએ તો કિંવા મન માંકડું છે એ વાત વિચારીએ તો–અથવા આ વિચિત્ર રાક્ષસ–એણે મચાવેલા ઉલ્કાપાતો તરફ નજર કરીએ તો–અગર આ કપરા યોગ –જૈન દૃષ્ટિ પર ધ્યાન દઇએ તો–ઉપર કાબૂ મેળવવાનો ઉપાય કૃપા કરી બતલાવશો.

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનુ,
એ કંઇ વાત છે મોટી.

ઉપરના વચનમાં સોએ સો ટકા ભરોસો છે. જેણે 'મન જીત્યું તેણે જગત જીત્યું' એ ટંકશાળી વચન છે. એનાથી કેવળજ્ઞાન કે મુક્તિ દૂર નથી જ, પણ માત્ર મુખેથી કવી જાય કે ઉચ્ચારી જાય એ કેમ માની શકાય ! જ્યારે વિચાર, મનન અને નિદિધ્યાસન કરું છું અને એ વેળા શાંત-ચિત્તે અવલોકું છું ત્યારે એ કાર્ય મહા-ભારત જણાય છે. કહેવા માત્રથી શ્રદ્ધા કરાય તેવું કાર્ય નથી જણાતું.

સાધનામાં સૌ લાગ્યા છતાં, સંપૂર્ણ-પણે પાર પામનાર કોઇ વિરલા જ !

બાકી તો '**क्षणेण सप्तमीं याति जीवस्तंदुलमत्स्यवत्**' જેવું જ. મગરમચ્છની પાંપણમાં રહેલ તંદુલીયા મચ્છ માફક અવળે માર્ગે જ આ મનજીભાઈની દોરવણી ! હે સત્તરમા જિનપતિ !

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું,
તે આગમથી મતિ આણું.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું પંદરમું અધિવેશન

( નિંગાળા )

આજે છ વર્ષ પછી ગયા મહિનાની તા. ૨૫–૨૬–૨૭ માગશર વદિ ૧૧–૧૩–૧૪ બુધ–ગુરુ-શુક્રવારના (ભાવનગર તાબાના) નિંગાળા ગામે કે જ્યાં જૈનોના માત્ર આઠ દશ ઘર છે ત્યાં અધિવેશન ભરવામાં આવ્યું હતું. તા. ૨૫–૧૨–૪૦ બુધવારના રોજ મુંબઇથી આવતા મેઇલ ટ્રેઇનમાં સંમેલનના પ્રમુખ શ્રી છોટાલાલ ત્રિકમલાલ પારેખ પધાર્યા હતા, જ્યાં તેમનો સત્કાર કરવા સ્વાગત કમિટિના પ્રમુખ શ્રી ભગવાનદાસ હરખચંદ, સ્વાગત કમિટીના બીજા સભ્યો, ભાવનગર રાજ્યના મે. મુખ્ય દિવાન સાહેબ વિગેરે સ્ટેશન ઉપર હાજર હતા. તેઓએ ફૂલહાર વિગેરેથી સત્કાર કર્યા પછી પ્રમુખ સાહેબને લઇ સ્ટેશનથી સામૈયું શરૂ થયું હતું. આ ગામની સુમારે પંદરશેંની વસ્તી છે અને ત્યાં આવો પ્રસંગ પ્રથમ હોવાથી નિંગાળાની સમસ્ત પ્રજા સામૈયું જોવા હર્ષપૂર્વક ઉલટી હતી, સરઘસમાં વિશિષ્ટતા એ હતી કે પંદર બળદો જોડેલો શણગારેલો રથ હતો. અને તેમાં પ્રમુખશ્રી તથા અત્રેના નામદાર દિવાન સાહેબને બેસાડવામાં આવ્યા હતા. સામૈયું સ્ટેશનથી ગામ તરફ અને ગામ ફરી મંડપમાં આવ્યું હતું કે જ્યાં ત્યાંની પ્રજા તરફથી મે. દિવાન સાહેબના પ્રમુખપણા નીચે સાદી રીતે માનપત્ર આપવામાં આવ્યું હતું. પછી પ્રમુખ સાહેબનો જવાબ અને નામદાર દિવાન સાહેબનું વક્તવ્ય થયું હતું,

રાત્રિના સાત વાગે મંડપમાં સ્વાગત કમિટીના પ્રમુખનું ભાષણ વંચાયા બાદ પ્રમુખની વરણીની દરખાસ્ત અને અનુમોદન અપાયા બાદ પ્રમુખ સાહેબનું ભાષણ વાંચવામાં આવ્યું હતું જે અન્ય પેપરોમાં પ્રકટ થયેલ છે.

નિંગાળા કોન્ફરન્સમાં આગલી કોન્ફરન્સ કરતાં મુકાબલે ઘણાજ જુજ ડેલીગેટો હતા. અનેક મતભેદોથી કોન્ફરન્સ તરફ જૈનોનાં મોટા ભાગનો સદ્ભાવ ઓછો થયો દેખાતો હતો. હવે પછી કોન્ફરન્સ તરફ જૈન સમાજને આકર્ષવા અથવા પરિષદ પોતાની મનાવવા અને જૈન સમાજની સંપૂર્ણ

---

એટલે કે આપે આ દુઃખે કરી સાધી શકાય એવા મનજીભાઈ પર આધિપત્ય મેળવ્યું છે એમ આગમ કહે છે અને મને એ વાત પર વિશ્વાસ બેસે છે. આગમપ્રમાણ સામે આંગળી ચીંધવાપણું નથી. તેરમે ગુણસ્થાનકે અંતિમ લડતો આત્મા જો કોઈની પણ સાથે લડતો હોય તો આ મનયોગ સાથે જ લડે છે. જ્વલંત ધ્યાન પણ એ વેળા જ ધ્યાવે છે. આ બધી વાતો તીર્થંકરો અને કેવળજ્ઞાનીઓના ઉદાહરણો ઉપરથી દૃષ્ટિગોચર થાય છે એટલે એમાં શંકા ધરવાનું કંઈ કારણ નથી.

પણ, એમાં મારું શું વળ્યું? જાણ્યું પણ અનુભવ્યું નહીં તો એ જાણ્યું ન જાણ્યા બરાબર લેખાય.

માટે ઓ હસ્તિનાપુરના સ્વામી!

જો મારું મન સાધી આપવામાં સહાયક બનો અને એથી એમાં સફળતા મળે ત્યારે જ મને એ નિતરાં સત્યની 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું'—એની પ્રતીતિ થાય.

હે ચિદાનંદ! મારી આ વિનતિ અવધારો અને તે એ જ કે–'આનંદઘન કહે માહરું આણો' અર્થાત્ 'મારા મન પર કાબૂ આણવામાં સહાયક બનો!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિનિધિવાળી બને તેમ તેના સુકાનીઓ પ્રયત્ન, પ્રચાર અને સેવા કરે એમ ઇચ્છીએ છીએ.

સ્વાગત કમિટીના પ્રમુખ લીંબડીના રહીશ એક સાહસિક શ્રીમંત વ્યાપારી છે. તેઓ સ્વમાનવાળા, બુદ્ધિશાળી અને ધાર્યું કામ પાર પાડવાની શક્તિવાળા છે. તેઓના ભાષણના મુખ્ય મુદ્દા એ હતા કે—

વાણીવિલાસથી કામ નહિ થાય, મતભેદનો પ્રગટેલ દાવાનળ ઠારવા માટેના હૃદયના ઉદ્‌ગારો કોન્ફરન્સની ધગશ ધરાવનારા હતા. રચનાત્મક પ્રવૃત્તિ હાથ ધરવા, મર્યાદિત ક્ષેત્રો નહિ રાખવા, હાથ ધરેલાં કેળવણી અને બેકારીના પ્રશ્નો વિગેરે સંબંધી અસરકારક વિવેચન કર્યું હતું.

પ્રમુખશ્રી રા. રા. છોટાલાલ ત્રિકમલાલ પારેખ સાદા, સરળ અને માધ્યસ્થ વૃત્તિવાળા વકીલ છે. તેઓએ તેમના ભાષણમાં જણાવ્યું કે—

તર્ક કે વિચારથી કોઇ સંસ્થા પ્રાણવાન ન બને. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધી વિચારણા, કોન્ફરન્સની ઉત્પત્તિ અને ભૂતકાળ અને અત્યારની પરિસ્થિતિનો મુકાબલો, બંધારણ, શિક્ષણ સંસ્થાઓની માહિતી, ઔદ્યોગિક શિક્ષણ, ધાર્મિક શિક્ષણ, બેકારી નિવારણ અને આજની પરિસ્થિતિ, આપણી પક્ષાપક્ષી અને મતભેદ દૂર કરવા માટે સમાજમાં દેખાતા ત્રણ વર્ગો અને તે પ્રત્યે બતાવેલા પોતાના વિચારો ઉપરાંત આજની પરિસ્થિતિ ઉલટાવવા **"દાનની દિશા બદલો"** વગેરે વિષયો જણાવી પોતાનું ભાષણ પૂર્ણ કર્યું હતું. પણ દાનની દિશા બદલવા માટે સ્પષ્ટ ખાસ માર્ગ પ્રમુખસાહેબે બતાવવાની જરૂર હતી તે બતાવ્યો નથી.

તા. ૨૬-૧૨-૪૦ ગુરુવારના રોજ કોન્ફરન્સના જનરલ સેક્રેટરીએ રજુ કરેલો રિપોર્ટ વંચાયા બાદ સબજેક્ટ કમિટીની મીટિંગ મળી હતી. તેમાં જે જે ઠરાવોનો નિર્ણય થયો હતો તે સંબંધી જુદા જુદા વક્તાઓના વિવેચનો થયા હતા, જે ઠરાવો નીચે પ્રમાણે છે—

૧. મણિલાલ જેમલ શેઠને તથા અન્ય બંધુઓને ધન્યવાદ. ૨. કેળવણી પ્રચારની યોજના. ૩. કેળવણી અંગે માહિતી. ૪. ધાર્મિક શિક્ષણ અને એજ્યુકેશન બોર્ડ. ૫. જૈન શાસ્ત્રિય શિક્ષણ. ૬. જૈન સંસ્કૃતિ શિક્ષણને ટેકો. ૭. સામાન્ય શિક્ષણવિસ્તાર (ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, વ્યાપારી, સ્ત્રીશિક્ષણ, છાત્રાલયો વિ.) ૮. અર્ધમાગધી શિક્ષણ પ્રચાર. ૯. બેકારી નિવારણ. ૧૦. જૈન બેંક. ૧૧. પંચાયત ફંડ.આ ઠરાવોમાં પહેલો, પાંચમો તથા દશમો ઠરાવ પ્રમુખસ્થાનેથી અને બીજા અન્ય બંધુઓની દરખાસ્ત અને અનુમોદન સાથે પસાર કરવામાં આવ્યા હતા.

બંધારણ સંબંધી હવે આપવામાં આવશે.

ત્રીજા દિવસે પ્રથમ સંદેશાઓ અને બાકી ઠરાવો ઉપર વિવેચનો થયા હતા.

નિંગાળા છાત્રાલય ખોલવા માટે ફંડ કરવામાં આવ્યું હતું. જે ત્યાંના જૈન બંધુઓએ ઘણાં જ પ્રયત્ને મેળવેલ સંમેલન માટે યોગ્ય હતું. બાદ પરસ્પર આભાર માની સંમેલન વિસર્જન થયું હતું.

કોન્ફરન્સના રિપોર્ટમાંથી વિશેષ હકીકત જાણવા જિજ્ઞાસુઓને તે વાંચવાની ભલામણ કરીએ છીએ.

પંજાબ જૈન મહાસભાના પ્રમુખ શ્રી ત્રિલોકચંદજી સાહેબ એમ. એ. એ આગામી કોન્ફરન્સ પંજાબમાં ભરવાનું આમંત્રણ આપતાં તે સ્વીકારવામાં આવ્યું.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરી મી. મોતીચંદ કાપડીઆએ રાજીનામું આપતાં તે જગ્યાએ શાહ વીરચંદ પાનાચંદ તથા ડૉ. ચમનલાલ શ્રોફ એ બંધુઓની રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ તરીકે વરણી કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આ પંદરમા અધિવેશનને અંગે ઉપજતા વિચારો અને નમ્ર વિનંતિ.

સુમારે ચાલીશ વર્ષની આ જૂની સંસ્થાની છ વર્ષે જાગૃતિ આણી છે તે માટે ખુશી થવા જેવું છે; પરંતુ તેની જાગ્રતિ વિશેષ આણવી હોય, તેને વેગવતી બનાવવી હોય, પરિષદને ભારતના જૈન સમાજની પ્રતિનિધિ સંસ્થા યથાયોગ્ય બનાવવી હોય તો આ પરિષદના સ્વાગત કમિટિના ભાષણમાં કહેલ છે કે–૧ આપણા સમાજમાં મતભેદરૂપી જે દાવાનળ પ્રગટેલ છે તેને શાંત કરવો હોય તો તેના માટે, જે કહેલ છે તેમ. ( ૨ ) તેમજ પરિષદના પ્રમુખશ્રીએ જણાવ્યું છે કે–આજના તીવ્ર સ્થિતિવાળા કલહ સામે સંગઠન વિનાનો સમાજ ટકી શકતો નથી. **"આપણા પક્ષભેદની દિવાલો જમીનદોસ્ત કરીને સર્વસંમત એવા કોઈ કાર્ય ઉપર આપણે એકત્ર થવું જોઇએ."** આજના રગશીયા ગાડા જેવી આ કોન્ફરન્સની સ્થિતિનો કાં તો અંત આવવો જોઇએ અથવા કાં તો તે પ્રાણવાન બનાવવી જોઇએ. ( ૩ ) તેમજ છેવટે વિદાય લેતી-વખતે નામદાર દિવાન સાહેબે પણ જણાવ્યું છે કે તમારામાં આટલો બધો મતભેદ છે તે મેં આજે જાણ્યું, તો તમે એવો પ્રયત્ન કરો કે મતભેદ બધો નીકળી જાય અને ત્યારપછી ભાવનગરમાં અધિવેશન મેળવો." વગેરે ઉપરોક્ત વિચારો કે જે દાવાનળ ઠારવો હોય કોન્ફરન્સનો અંત લાવવાને બદલે તેને પ્રાણવાન બનાવવી હોય, અને દિવાન સાહેબના કહેવા પ્રમાણે તદ્દન મતભેદો દૂર કરવાની જરૂર હોય તો તે કર્યા સિવાય ગમે ત્યારે ગમે તે ગામે પરિષદ મળશે તો તે એકપક્ષીય ગણાશે અને પ્રમુખશ્રીના કહેવા પ્રમાણે છેવટે નિષ્પ્રાણ બની જશે. વિચારો કે આગલી પરિષદો કરતાં આ પરિષદમાં સુમારે સાડીત્રણસો ડેલીગેટો હતા તે શું સૂચવે છે ? જેથી આ કોન્ફરન્સને પ્રતિનિધિવાળી–સક્રિય બનાવવી હોય તો અમારા મત પ્રમાણે "જેમ શ્રી શત્રુંજય યાત્રા કરવા નહિં જવાના અસહકાર માટે કોન્ફરન્સે આખા હિંદના શહેર અને ગામોમાંથી મુખ્ય માણસો, સંઘ તરફથી નીમાયેલ પ્રતિનિધિ બંધુઓ મોટી સંખ્યામાં મુંબઇ બોલાવી સમગ્ર હિંદની પરિષદ મેળવી એકમતે અસહકારનો ઠરાવ કર્યો હતો, તેમ અત્યારે થયેલ મતભેદના કલહને દૂર કરવા પ્રમુખસાહેબના ભાષણમાં જણાવેલ છે તેમ ભારતના સમગ્ર શ્રી સંઘના પ્રતિનિધિઓ–આગેવાનો વગેરે એક સ્થળે ભેગા કરી વાટાઘાટ ચલાવશો તો જ મતભેદ દૂર થતાં ખરી પ્રતિનિધિવાળી સંસ્થા બનશે; નહિ તો કોન્ફરન્સની અસ્તિ પણ જોખમાશે એવો અમોને ભય રહે છે. એટલા ઉપરથી ભાવનગર શહેરમાં કોન્ફરન્સને આમંત્રણ આપ્યા પછી તા. ૧૩–૧૧–૧૯૩૮ ના રોજ મળેલી જૈનો બંધુઓની જાહેર સભાએ જે ઠરાવ કર્યો છે તે હાલમાં મનનપૂર્વક વાંચી જતાં બંને પ્રમુખો અને દિવાન સાહેબના વકતવ્યને જ મળતો છે એમ વાંચતા માલુમ પડેલ છે. ભાવનગરના જૈનોની મળેલી તે સભામાં એકત્ર થયેલ બંધુઓ કોન્ફરન્સનો વિરોધ કરનારા છે તે માન્યતાને ઘડીભર દૂર કરી તટસ્થવૃત્તિએ જોઇએ તો મતભેદો દૂર કરી કોન્ફરન્સ ભાવનગર ભરવાનું નામદાર દિવાન સાહેબનું સૂચન ઉપરોક્ત મતોને અનુરૂપ જ અમોને લાગે છે. તા. ૧૩–૧૧–૩૮ ની જૈન બંધુઓની મળેલી સભાના ઠરાવ માટે તે માંહેના અમુક બંધુઓ કહે છે કે ભાવનગરમાં સં. ૧૯૬૪ ની સાલમાં છઠ્ઠી કોન્ફરન્સ અત્રેના શ્રી સંઘના જ આમંત્રણથી બોલાવી હતી, તેમાં પૂર્ણ ઉત્સાહ, ધગશ અને હિંદના સમગ્ર જૈન સમાજના સંપૂર્ણ સંગઠન અને જે એકમતથી ભરાયેલ ને તે વખતે થયેલી સખાવતોથી જણાય છે; કે આવી ઉચ્ચ સ્થિતિ જે ભાવનગર જૈન સમાજે–અમોએ જોયેલ તેથી અત્યારના જુદી રીતે, દરેક શહેરમાં દેખાતા મતભેદવાળી ભાવનગરની જૈન પ્રજા–અમો આવી દુઃખદ સ્થિતિએ કોન્ફરન્સ ભરી શકીએ જ નહિ. વળી અગાઉ ભાવનગરમાં મળેલી કોન્ફરન્સ માંહેના કેટલાક બંધુઓ તો તે વખતે કોન્ફરન્સમાં મુખ્યતયા ભાગ લેનારા જ હતા જેથી તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ : **અભ્યાસી** બી. એ.

# સાધન સંબંધી કેટલીક વાતો.

( ગતાંક પૃષ્ઠ ૧૪૫ થી શરૂ )

ભક્તિની બીજી પ્રણાલિકાનું વર્ણન નીચેના શ્લોકમાં કરવામાં આવ્યું છે.

**यतः प्रवृतिर्भूतानां, येन सर्वमिदं ततम् ।**
**स्वकर्मणा तमभ्यर्च्य, सिद्धिं विन्दति मानवः ॥**

પોતાના સ્વાભાવિક કર્મોદ્વારા પરમેશ્વરની પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

હવે પોતાના સ્વાભાવિક કર્મોદ્વારા ભગવાનની પૂજા કરવી એ શું ? એ વાત અહિં સમજી લેવાની જરૂર છે; કેમકે અહિં કર્મદ્વારા જ ભગવાનના પૂજનની વાત કરવામાં આવી છે, પરંતુ પ્રધાનતા ભગવાનના પૂજનની છે, કર્મની નહિ; કેમકે પોતપોતાના કર્મ તો સંસારમાં ઘણા લોકો કરે છે, પરંતુ સૌને સિદ્ધિ મળતી હોય એમ નથી દેખાતું. એટલા માટે એવું માનવું પડે છે કે અહિંયા કેવળ કર્મ કરવાની વાત નથી, કર્મદ્વારા ભગવાનના પૂજનની વાત કરવામાં આવી છે. સઘળા કર્મવાદી એમ તો કહી શકે છે કે 'કર્મ એ જ ભગવાનની પૂજા છે' ( Work is worship ); એકાંતમાં બેસીને પ્રભુનું નામ લેવું, ધ્યાન ધરવું અથવા સામૂહિક કીર્તન કરવા એની અપેક્ષાએ જનતારૂપી પ્રભુની સેવા કરવી ઉત્તમ છે. તેનાથી ભગવાન જલ્દી પ્રસન્ન થાય છે, જલ્દી મળે છે, ઇત્યાદિ. લોકસેવાને ભગવાનને પ્રસન્ન કરવાનું અત્યંત ઉત્તમ સાધન માનવામાં આવે છે, પરંતુ તે સેવા ભગવાનને પ્રસન્ન કરવાના ઉદ્દેશથી જ થવી જોઇએ, નહિ કે કોઈ લૌકિક કામના માટે. આપણાદ્વારા ખરી રીતે જનતારૂપી પરમાત્માની સેવા થવી જોઇએ, આપણા કોઈ સ્વાર્થની નહિ–પછી તે વ્યક્તિગત હોય કે કોઈ સમુદાય વિશેષની હોય.

અહિં એક બીજી વાત સમજી લેવી ઘટે છે. વિશ્વપ્રેમ એ જ ઇશ્વરપ્રેમ છે, જનસેવા એ જ પ્રભુસેવા છે, તેથી ઉપરના શ્લોકનો આશય સમજવા માટે એટલું જાણવું જરૂરનું છે કે અહિં કર્મોદ્વારા જે ઇશ્વરના પૂજનની વાત કરી છે તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? તેનો ઉત્તર એ છે કે ઈશ્વર અનંત અને અસીમ છે. એ અનંત વિજ્ઞાનાનન્દઘન-

---

પણ મતભેદો દૂર કરવા જ માગે છે વગેરે વગેરે. ઉપરોક્ત મતો વિચારતાં અત્યારની સ્થિતિ અનુભવતાં અમારા મંતવ્યનું સરવૈયું એ છે અને તે સાથે નમ્ર વિનંતિ એ છે કે આખા હિંદના જૈન સમાજનું સંગઠ્ઠન કરી ચર્ચા–સંવાદ કરી, મતભેદો દૂર કરી, કોન્ફરન્સ ભરવી તે સિવાય આ રીતે ચલાવવામાં આવશે તો જે થોડોઘણો ચાલુ કોન્ફરન્સ પરત્વે રહ્યો છે તે ચાલ્યો જશે એમ અમોને લાગે છે. કોઇ ક્રિયા, કાર્ય કે નવી પ્રણાલિકા કરતાં પહેલાં ફરજ સમજી, ઉપયોગ રાખી ફરજ બજાવવામાં આવે તો સમાજનો ચાહ વધે, મતભેદો દૂર થાય અને સંપ થતા વાર લાગે જ નહિ.

અમારી સમાજનો ઉદ્ધાર થવા મતભેદો દૂર થઇ એકસંપી જલ્દી થાઓ તેમ થતાં કોન્ફરન્સનો વિજય થાઓ તેમ પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




રૂપ છે. એ અવસ્થામાં ઈશ્વર પ્રત્યે કરવાનો પ્રેમ સ્વાભાવિક રીતે સમસ્ત વિશ્વ પ્રત્યે થઈ જાય છે, કેમકે ઈશ્વર જ વિશ્વનો આધાર છે, ઈશ્વર જ વિશ્વનો આત્મા છે.

ઈશ્વરનું ઉપર્યુક્ત સ્વરૂપ લક્ષમાં રાખીને જ આપણા કર્મોદ્વારા તેના પૂજનની વાત કરવામાં આવી. હવે આપણે એ જોવું જોઇએ કે કયી રીતે કર્મ કરવાથી આપણી-દ્વારા ઈશ્વરની પૂજા થઇ શકે છે. આપણા કર્મ ભગવાનની પૂજા ત્યારે જ કહી શકાય કે જ્યારે બે બાબતો પ્રધાન રૂપે હોય. પહેલી વાત તો એ છે કે તેમાં મમતા, આસક્તિ તેમજ ફ્લેચ્છાનો ત્યાગ હોવો જોઇએ; એમાં સૌથી સ્થુલ વાત ફ્લેચ્છાનો ત્યાગ છે અને તેની નિશાની છે સિદ્ધિ અસિદ્ધિમાં સમતા. જો આપણને આપણી સફળતાથી હર્ષ અને અસફલતાથી શોક થતો હોય તો આપણે એ કર્મદ્વારા ભગવાનની પૂજા કરી છે એમ નહિ કહી શકાય. બીજી વાત એ છે કે પ્રત્યેક કર્મ કરતી વખતે આપણને એટલું સ્મરણ રહેવું જોઈએ કે આપણે એ કર્મદ્વારા ભગવાનની પૂજા કરી રહ્યા છીએ અને જેની આપણે સેવા કરી રહ્યા છીએ તે ભગવાનની આજ્ઞારૂપે છે, દાખલા તરીકે શિક્ષકે એમ સમજવું જોઇએ કે વિદ્યાર્થી-રૂપે ભગવાન જ મારી સેવા ગ્રહણ કરી રહેલ છે. ડોકટરે એમ સમજવું જોઇએ કે રોગીના રૂપે ભગવાન જ મારી ચિકિત્સા કરાવી રહેલ છે. વકીલ એમ સમજે કે અસીલના રૂપે ભગવાન જ મારાથી પોતાના મુકદ્દમાની પેરવી કરાવી રહેલ છે. દુકાનદાર એમ સમજે કે ગ્રાહકના રૂપે ભગવાન જ મારે ત્યાં સોદો કરવા આવેલ છે. ન્યાયાધીશ એમ સમજે કે વાદીપ્રતિવાદીના રૂપમાં ભગવાન જ મારી પાસે ન્યાય કરાવવા આવેલ છે. સેવક એમ સમજે કે માલીકના રૂપમાં સાક્ષાત્ ભગવાન જ મારા સેવ્ય બની રહેલ છે. માતાપિતા એમ સમજે કે સંતાનના રૂપમાં ભગવાન જ અમારી સેવા સ્વીકારી રહેલ છે, રાજા એમ સમજે કે પ્રજાના રૂપમાં ભગવાન જ મારી સેવા ગ્રહણ કરી રહેલ છે. આવો ભાવ ઉત્પન્ન થતાં આપણીદ્વારા ન કોઈના પ્રત્યે અન્યાય થશે, ન કોઈની સાથે દુર્વ્યવહાર થશે, ન કોઇને ઠગવાનો, લૂંટવાનો કે કોઇનો અયોગ્ય લાભ લેવાનો યત્ન થશે અને વ્યવહારમાં ઉચ્ચ નીચનો વર્તાવ હોવા છતાં આપણાં હૃદયમાં કોઈ પ્રત્યે ઉચ્ચ નીચનો ભાવ નહિ થાય; કેમકે જેની સાથે આપણો વ્યવહાર થશે તેના પ્રત્યે આપણી ભગવદ્બુદ્ધિ જ થશે. એવી જ રીતે ભગવાનની પૂજા-બુદ્ધિથી કર્મ કરનાર વ્યવહારમાં સૌની સાથે પોતાના અધિકાર અનુસાર વર્તાવ કરવા છતાં પણ અંદર જાગૃત રહેશે. પિતાની સાથે પુત્ર જેવો, સ્ત્રીની સાથે પતિને અનુરૂપ, શિષ્યની સાથે અધ્યાપક સમાન અને સેવકની સાથે સ્વામી જેવો વર્તાવ કરવા છતાં પણ તે એ સઘળા રૂપોમાં પોતાના ઇષ્ટિદેવને જોશે. પહેલા તો એ માટે અભ્યાસ કરવો પડશે. અભ્યાસ કરતાં કરતાં પછી એ વાત સ્વાભાવિક બની જશે, પરંતુ આખો દિવસ એવો અભ્યાસ કરવા માટે હમેશાં અમુક સમય એકાંતમાં ભજન-ધ્યાન, સ્વાધ્યાય-સત્સંગમાં પણ ગાળવાની જરૂર છે. તેથી ભક્તિમાર્ગ પર ચાલનારને બન્ને પ્રકારના સાધન કરવાની આવશ્યક્તા છે. શ્રદ્ધા-વિશ્વાસ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**સફળ ચોમાસું અને વિહાર.**
**સ્થળે સ્થળે થયેલ અપૂર્વ સત્કાર.**

આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું** ચાતુર્માસ ગુરુભૂમિ ગુજરાંવાલામાં થવાથી તેમજ આચાર્યશ્રીજીના પ્રભાવશાલી દિવ્ય વ્યાખ્યાનોના પ્રભાવથી અધિકારીઓ, ઓફીસરો, વકીલ–બારીસ્ટરો વિગેરે આચાર્યશ્રીજીના અને જૈન-ધર્મના અનુરાગી થયા છે.

હિંદુ, મુસલમાન. શીખ ઇત્યાદિ સેંકડો માણુસોએ માંસ અને દારુનો ત્યાગ કર્યો છે.

આચાર્યશ્રીજીનો ૭૧ મો જન્મદિવસ સમારોહથી ઉજવાયો. શ્રી આત્માનંદ જૈન મહાસભા અને શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના અધિવેશનો થયા. રેવન્યુ કમીશ્નર, કાશ્મીર ગવર્મેન્ટ બાબુ ફૂલચંદજી મોધાના શુભ હસ્તે શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના મકાનનું ખાતમુહૂર્ત ધામધૂમથી થયું. સંવત્સરીનાં શુભ દિવસે કતલખાનું અને કસાઇઓની દુકાનો સદંતર બંધ રહી. હિંદુમુસલમાનોનું સંગઠન થયું.

આવી રીતે ચોમાસું કરી આચાર્યશ્રીજી માગશર શુદિ છઠ્ઠ ગુરુવારે બપોરના ત્રણ વાગે વિહાર કરવાના હોવાથી આખા નગરમાં ગમગીની ફેલાઇ ગઈ હતી.

ઉપરોક્ત ઉપકારોને લીધે આભાર માનવા માટે કપ્તાન બહાદુર સંતસિંહજી, મ્યુનિસિપાલીટી પ્રેસીડેન્ટ બક્ષી કનૈયાલાલજી, જી. બી. આહુજા મેજીસ્ટ્રેટ દર્જા અવલ સરદાર બહાદુર બુધસિંહજી, મેજીસ્ટ્રેટ દર્જા અવલ સરદાર બહાદુર સુંદરસિંહજી, શેખ અતામહમદ એડવોકેટ, શેઠ ધર્મચંદ મ્યુનિસિપાલીટી કમીશ્નર, લાલા ભાગશાહ મ્યુનિસિપાલીટી કમીશ્નર, મૌલવી મતીહઉલ્લા મ્યુનિસિપાલીટી કમીશ્નર, મહરમહમદ શફી મ્યુનિસીપાલીટી કમીશ્નર, સરદાર બક્ષીશસિંહજી ઓનરરી મેજીસ્ટ્રેટ, સરદાર ભાગસિંહજી વકીલ, લાલા સંગતરાય ઇનકમટેક્ષ ઓફિસર, સરદાર લાભસિંહજી બારીસ્ટર, શેખ ગુલામકાદર વકીલ મ્યુનિસિપાલીટી કમીશ્નર, સુફી દીનમહમદ, લાલા નિરંજનદાસ એડવોકેટ, બાબુ હજુરીમલ મધોક, લાલા કુંદનલાલ વકીલ, લાલા બિહારીલાલ ચાનન, લાલા અમરનાથ વોરા વકીલ, લાલા ચરણદાસજી જૈન, લાલા દિવાનચંદજી જૈન, લાલા પનાલાલજી જૈન,લાલા રિખભદાસજી જૈન વિગેરે વિગેરે નગરના અગ્રગણ્ય મહાનુભાવોની સહી સાથે

---

પૂર્વક તેમજ તત્પરતા સાથે નિરંતર તે બન્ને પ્રકારના સાધન કરતા રહેવાથી ખૂબ શીઘ્રતાથી ભગવાનનો–પ્રભુ તરીકેનો સાચો પ્રેમ થશે અને તેની પ્રાપ્તિ થશે. ભગવાનનું સાચું સ્વરૂપ પણ ત્યારે જ સમજાશે.

આવા પ્રકારની ભક્તિથી ભગવાનના સ્વરૂપનું આત્મ દર્શન, સમગ્ર સ્વરૂપનું જ્ઞાન તથા તેની યથાર્થરૂપે પ્રાપ્તિ સંભવિત બને છે.(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકળ નગરનિવાસીઓ તરફથી આચાર્યશ્રીજીને આભારપત્ર આપવાનો મેળાવડો યોજવામાં આવ્યો હતો.

આચાર્યશ્રીજીએ બે કલાક સુધી ઉપદેશામૃતના ઝરણાંઓ વહેવડાવ્યા હતા.

લાલા નિરંજનદાસ એડવોકેટે આભારપત્ર વાંચી સંભળાવી આચાર્યશ્રીજીના કરકમલોમાં અર્પણ કર્યું. સેવકપત્રના કારકુન મંડળ તરફથી 'શ્રદ્ધાના ફૂલ' સેવકપત્રના અધિપતિજીના સુપુત્ર નારાયણદાસે વાંચી સંભળાવ્યું હતું.

લાલા ગૌરીશંકર મુખ્ત્યાર પીપલ બેંક મેનેજરે આભાર માનતાં જણાવ્યું કે હું નાસ્તિકશિરોમણી કહેવાતો હતો પણ આ ગુરુદેવના જ પ્રતાપે આસ્તિક બન્યો છું. મારા કપાળે લાગેલ તિલક આપ જોઇ રહ્યા છો તે આ ગુરુદેવનો જ પ્રભાવ છે. ત્યારબાદ લાલા હજૂરીમલ મધોક, પંડિત સરસ્વતીનાથ વિગેરેએ હૃદયસ્પર્શી વિવેચનો કર્યાં હતા. શ્રી આત્માનંદ જૈન ગુરુકુલના વિદ્યાર્થીઓ વિગેરેએ સમયસરના મનનીય વિનંતિ-ભજનો ગાઇ સભાને રંજિત કરી હતી.

આચાર્યશ્રીજીએ યોગ્ય શબ્દોમાં પ્રત્યુત્તર વાળ્યો હતો.

બરાબર ત્રણના ટકોરે આચાર્યશ્રી પોતાની પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી આદિ મુનિમંડળી સાથે વિહાર કરી સંઘ સમુદાય સાથે શ્રી આત્માનંદ જૈન ગુરુકુલમાં પધાર્યા.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના કાર્યવાહકોએ ભાવભીનું સુંદર સ્વાગત કર્યું. અધિષ્ટાતા બાબુ અનંતરામજી વકીલ, શાસ્ત્રીજી મથુરદાસજી આદિના મનોહર ભાષણો થયા અને આચાર્યશ્રીજીને અભિનંદન પત્ર અર્પણ કર્યું. આચાર્યશ્રીજીએ સમયોચિત કિંમતી બોધ આપ્યો. નરનારીઓ ઉદાસીન વદને પાછા ફર્યા.

સાતમના દિવસે આચાર્યશ્રીજીનું કેળવણી વિષયમાં અસરકારક વ્યાખ્યાન થયું, બપોરે માસ્તર અમરનાથજીના, તરફથી પૂજા-પ્રભાવનાદિ કાર્યો થયા.

### "પપનખા"

આઠમના આઠ વાગે શ્રી ગુરુકુળથી આચાર્યશ્રીજીએ સખ્ત ઠંડી હોવા છતાં પપનખા તરફ વિહાર કર્યો. રસ્તામાં ઠેકાણે ઠેકાણે ગુરુદેવ પાછા જલ્દી પધારજો અમારા જેવા તુચ્છ સેવકોને પણ યાદ રાખજો એમ કહેતાં નેત્રોમાંથી અશ્રુધારા ચલાવતા પાછા ફર્યા હતા.

પપનખા શ્રી સંઘે સુંદર સ્વાગત કર્યું હતું. અહીં સ્વર્ગવાસી શ્રી ગુરુદેવ બુદ્ધિવિજયજી (બૂટેરાયજી) મહારાજના સદુપદેશથી બંધાવેલ શ્રી જિનમંદિરમાં શ્રી સુવિધિનાથ પ્રભુના દર્શન કરી, આચાર્યશ્રીજી મંડપમાં પધાર્યા. બાદ આચાર્યશ્રીજીએ **મનુષ્યજન્મની દુર્લભતા** પર દેશના આપી.

ચાર દિવસની સ્થિરતા દરમ્યાન બપોરે એક વાગ્યે વ્યાખ્યાનનો ટાઇમ રાખવાથી ગુજરાંવાલાદિથી ઘણા ભાવિકો વ્યાખ્યાનનો લાભ લેવા આવ્યા હતા.

### "કીલા દેદારસિંગ"

શ્રી સંઘ અને સનાતન મહાવીર દલની આગ્રહભરી વિનંતિને માન આપી બારસના સવારે આચાર્યશ્રીજી કીલા દેદારસિંગ પધાર્યા. સનાતન મહાવીર દળે સુંદર સ્વાગત કર્યું. લાઇબ્રેરીના વિશાળ મેદાનનાં મંડપમાં પધારી આચાર્યશ્રીજીએ ૐ **વિષયમાં** બે કલાક વિદ્વત્તાપૂર્ણ ભાષણ આપ્યું. મૌલવી મહમદ દીને ઓજસ્વી ભાષામાં આચાર્યશ્રીજીના ગુણાનુવાદ કર્યા હતા. વ્યાખ્યાન કરી આહારપાણી લઇને આચાર્યશ્રીજી પાછા પપનખા પધાર્યા.

### "બદોકી ગુંસાઇઆ"

પપનખાથી તેરસે સવારે વિહાર કરી બદોકી ગુંસાઇઆ પધાર્યા. આ ગુંસાઇઓનું ધામ હોવાથી દર ચૌદશે મેળો ભરાય છે. આથી આવતી કાલે અહિં રોકાઈ ઉપદેશામૃતનું પાન કરાવવા નગરના આગેવાનોએ સાદર વિનંતિ કરી. આચાર્યશ્રીજીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એઓની વિનંતિને માન આપી ચૌદશે ઉપદેશામૃતનું પાન કરાવી ૧૧॥ વાગે વિહાર કરી કોટ ખીજરી પધાર્યા.

### " વઝીરાબાદ "

પુનમે વિહાર કરી આચાર્યશ્રીજી વઝીરાબાદ પધાર્યા, અહિં સ્ટેશનનું મથક હોઇ ગુજરાંવાલા–, જહેલમ, શીયાલકોટ, પપનખા,–કીલા દેદારસિંગ આદિથી સેંકડો નરનારીઓ આચાર્યશ્રીજીના દર્શનાર્થે આવ્યા હતા. નગરના આગેવાનોના આગ્રહથી લાલા લધુશાહ શરાફના બંગલામાં જાહેર વ્યાખ્યાન થયું. આચાર્યશ્રીજીએ મનુષ્ય કર્તવ્ય પર જોરદાર શબ્દોમાં સુંદર ઉપદેશ આપ્યો. મુંબઇથી શેઠ પુરૂષોત્તમદાસ સુરચંદ આદિ દર્શનાર્થે અહીં પધાર્યા હતા. બીજે દિવસે પણ આચાર્યશ્રીએ અત્રે રોકાઇ **આત્મધર્મ** પર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. અહીં શ્રાવકનું એક પણ ઘર નહિં હોવા છતાં જૈનેતર બંધુઓએ ભાવભીનું સુંદર સ્વાગત કર્યું હતું.

### " ગુજરાત "

બીજના દિવસે વિહાર કરી આચાર્યશ્રીજી ગુજરાત પધાર્યા. પંજાબમાં આ પણ એક જીલ્લો છે. અને નગર મોટું છે. પીંડદાદનખાંવાળા બાબુ વિલાયતીરામ જૈન અને ફાજલકાવાલા માસ્તર યુગમંદિરલાલ જૈને મોટા મોટા ઓફીસરોની સાથે સુંદર સ્વાગત કર્યું હતું.

### " લાલામુસા "

ત્રીજના દિવસે વિહાર કરી **દેવના** પધાર્યા. બપોરે આચાર્યશ્રીજીનું વ્યાખ્યાન થયું. ચોથના દિવસે **લાલામુસા** પધાર્યા. અહીં સનાતની બંધુઓએ સ્વાગત કર્યું અને બપોરના આચાર્યશ્રીજીનું મનોહર જાહેર વ્યાખ્યાન થયું. સનાતન સ્કૂલના હેડમાસ્તર અને શાસ્ત્રીજી આદિની આગ્રહભરી વિનંતિને માન આપી પાંચમના સવારે સનાતન ધર્મના વૈષ્ણવ મંદિરમાં " **મોક્ષ અને તેને પ્રાપ્ત કરવાના સાધનો**" એ વિષય પર અસરકારક વ્યાખ્યાન આપ્યું.

આ તરફ માંસાહારનો ઘણો જ પ્રચાર હોવાથી આચાર્યશ્રીજી પોતાના દરેક વ્યાખ્યાનમાં માંસાહારનિષેધ માટે વેદ-પુરાણ-સ્મૃતિ આદિના પુરાવાઓ આપી સચોટ ઉપદેશ આપે છે. તેની અસર ઘણી જ સારી થાય છે અને ઘણાં હિંદુ મુસલમાનો માંસાહારનો ત્યાગ કરે છે.

### "જહેલમ"

ઝંડાવાલા, કરીયાલા, સરાય, આલમગીર થઇ માગશર વદ ૮ તા. ૨૨–૧૨–૪૦ રવિવારના દિવસે આચાર્યશ્રીજીએ જહેલમમાં પ્રવેશ કર્યો. આખા નગરને ધ્વજ–પતાકાથી શણગારવામાં આવેલ. ગુજરાંવાલા, લાહોર, અમૃતસર, નારોવાલ, પીંડદાદનખાં, કસુર, પપનખા વિગેરેના સેંકડો માણસ આ તકનો લાભ લેવા પધાર્યા હતા. ગુજરાંવાલાથી લાલા ગૌરીશંકર પીપલ બેંક મુખ્તાર, લાલા કર્મચંદજી, સુફી દીનમહમદ વિગેરે ઘણા અજૈન બંધુઓ પણ પધાર્યા હતા. જેલમના જૈન જૈનેતર હજારો ભાઇઓ આચાર્યશ્રીજીના સ્વાગત માટે બેંડ વાજાઓ, ઝંડાઓ, ભજનમંડલીઓ સાથે ઉપસ્થિત થયા હતા.

આ શહેરના દરેક રસ્તા ઉપર હજારો માણસો સામૈયું જોવા ખડા થયા હતા. વિહારના દરેક ગામોમાં ભજનમંડલીઓ સંગીત વગેરેથી સ્વાગત કરતી હતી. આચાર્યશ્રીજી શ્રી સંઘ સાથે મુખ્ય મુખ્ય બજારોમાં થઇ લાલા લજપતરાય લાઇબ્રેરીમાં ૧૨ વાગે પધાર્યા. લાઇબ્રેરી હોલ વિશાળ હોવા છતાં ઘણા બંધુઓને ઊભા રહેવું પડયું હતું અને ઘણાને તો નિરાશ થવું પડયું હતું. લાઉડસ્પીકરનો બંદોબસ્ત હોવાથી શાંતિ જળવાઇ હતી. જેલમના શ્રી સંઘ તરફથી આચાર્યશ્રીજીને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. બાદ આચાર્યશ્રીજીએ **'મનુષ્ય કર્તવ્ય'** ઉપર દેશના આપી. પાંચ વાગે જયનાદોની સાથે સભા વિસર્જન થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાત્રિના આઠ વાગે કવિ દરબાર ભરવામાં આવ્યો. શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના અધ્યાપક પૃથ્વીરાજજીનું '**જૈનધર્મ**' વિષયક મનોહર ભાષણ થયું અને ગુરુકુળના વિદ્યાર્થીઓ અને લાલા દેવરાજ સાકરલાલના મનોહર ભજનો થયા. પશ્ચાત્ પ્રસિદ્ધ નામાંકિત હિંદુ મુસલમાન કવીશ્વરો સાયરોની વિદ્વત્તાપૂર્વક કવિતાઓથી સભા અતિ રંજિત થઇ ૧૧ વાગે સભા વિસર્જન થઇ.

બીજે દિવસે આચાર્યશ્રીજીનું મનોહર મનનીય વ્યાખ્યાન થયું.

જહેલમ શ્રી સંઘના તરફથી લાલા ખેરાતીલાલજીએ શ્રી આત્માનંદ જૈનયુવક મંડળ ગુજરાંવાલા, શ્રી આત્માનંદ જૈનગુરુકુળ પંજાબ, શ્રી યંગમેન જૈન એસોસીએશન જહેલમ, સનાતન મહાવીર અખાડા દળ અને અધિકારી ઓફિસરો, વિદ્વાનો આદિ નગરજનો સામૈયામાં સમ્મિલિત થયા હતા, તેઓનો અને બહારગામથી પધારેલા મહેમાનોનો આભાર માન્યો હતો. ઉપરોક્ત મંડલોને તથા લાલા તેજરામ સોની, લાલા દેવરાજ જૈન ગુજરાંવાલા તેમજ કવીશ્વરોને–સાયરોને સોનાના મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા.

આચાર્ય મહારાજ દરરોજ વ્યાખ્યાન આપે છે. સેંકડોની સંખ્યામાં મનુષ્યો લાભ લે છે. અહિં અઠવાડીયું રોકાઇ **વિતભયપત્તન** તીર્થની યાત્રાર્થે પધારશે.

જહેલમમાં એ વિશેષતા જોવામાં આવી કે મંદિરમાર્ગી અને સ્થાનકવાસી બંધુઓનો મેળાપ બહુ જ સારો છે. પ્રવેશમહોત્સવમાં સૌએ ભેગાં મળીને લાભ લીધો હતો. (મળેલું)

## પ્રાતઃસ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજની જયંતિ

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી દર વર્ષ મુજબ માગશર વ. ૬ શુક્રવારના રોજ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ સ્વ. મહાત્માશ્રી મૂળચંદજી મહારાજશ્રીની સ્વર્ગવાસતિથિ હોવાથી તે દિવસે જયંતિ પ્રસંગે સવારના સાડાનવ વાગે શ્રી દાદાસાહેબના જિનાલયમાં સુંદર રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી, અને આંગી લાઇટ વિગેરે કરવામાં આવેલ તેમજ શ્રીમદ્ મૂળચંદજી મહારાજશ્રીના પગલે આંગી રચાવવામાં આવી હતી.

# સ.મા.લો.ચ.ના.

### ૧. મણિધારી શ્રી જિનચંદ્રસૂરિ–લેખક, અગરચંદ તથા ભંવરલાલ નાહટા.

શ્રી ખરતરગચ્છમાં દાદા નામના સંબોધનવડે કહેવાતાં પ્રભાવક શ્રી મણિધારી શ્રી જિનચંદ્રસૂરિનું જીવનવૃત્તાંત લેખક બંધુઓએ આ ગ્રંથમાં આપ્યું છે. શ્રી જિનચંદ્રસૂરિ મહારાજ મહાન્ પ્રભાવશાળી અને પ્રખર વિદ્વાન હતા. તેઓશ્રીનો જન્મ સં. ૧૧૯૭ વિક્રમપુરમાં થયો હતો. સં. ૧૨૦૩માં ચારિત્ર અંગીકાર કર્યું હતું. ૧૨૦૫માં દાદા જિનદત્તસૂરિજીએ આચાર્યપદ આપ્યું હતું. માતપિતાની આજ્ઞાપૂર્વક દીક્ષા લીધી હતી. આચાર્ય મહારાજ આગમ, મંત્ર, તંત્ર, જ્યોતિષાદિ સર્વ શાસ્ત્રમાં પારંગત હતાં. પોતાના જીવનકાળમાં શાસ્ત્રપ્રભાવનાના ઘણા ચમત્કારિક કાર્યો કર્યા હતા. આવા મહાન આચાર્યોના જીવનવૃત્તાંત તે એક જૈન ઇતિહાસ સાહિત્યમાં ઉમેરો હોવા સાથે **જૈન** ધર્મના ઇતિહાસ લખનારને સાધનરૂપ થઇ પડે છે. લેખકબંધુનો પ્રયત્ન આવકારદાયક છે. કિંમત બે આના યોગ્ય છે. પાછળના ભાગમાં આચાર્ય મહારાજરચિત વ્યવસ્થા–શિક્ષાકુલક મૂળ સાથે આપેલી છે તે વાંચવા ભલામણ કરીએ છીએ.

### ૨. વિવિધ વિષય રત્ન સંગ્રહ.

સંગ્રાહક–અંચલગચ્છીય સાધ્વીજી શ્રી કમલશ્રીજી. આ ગ્રંથમાં ઉપયોગી અને પ્રચલિત ચૈત્યવંદન કરવાનો વિધિ, શ્રી શત્રુંજય કલ્પ તથા તીર્થસ્તુતિ, શ્રી આનંદઘનજીની ચોવીશી, અન્ય સ્તવનો, છંદો, પચ્ચખ્ખાણો, સજ્ઝાયો, સ્તુતિઓ વગેરેનો સંગ્રહ છે. એક સાધ્વીજી મહારાજ આવો સંગ્રહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે તે ખુશી થવા જેવું છે. વિશેષ લાભ લેવાય અને જ્ઞાનપ્રચાર કરવા કિંમત નથી રાખેલ તે આવકારદાયક છે. પ્રકાશક : મેસર્સ એ. એમ. એન્ડ કું. પાલીતાણા.

### ૩. શ્રી સ્વાધ્યાય-દોહનમ્

શ્રી વિજયદાનસૂરિ ગ્રંથમાળા તરફથી વીશમા ગ્રંથ તરીકે પ્રકટ થયેલ છે. આ ગ્રંથમાં પૂર્વકાલિન મહાપુરુષપ્રણિત જિન સ્તવનાદિ સ્વાધ્યાય સંગ્રહ સંસ્કૃત ભાષામાં આપવામાં આવ્યો છે. તેના સંપાદક મુનિ શ્રી કનકવિજયજી મહારાજ છે. ત્રણ અધ્યાયોમાં આ ગ્રંથ સંપૂર્ણ થાય છે. દરેક અધ્યાયમાં આપેલ પદ્યો નીચે આવશ્યક વિષય નોંધમાં કયા ગ્રંથમાંથી કોણ મહાપુરુષે રચેલી છે તે હકીકત આપેલી છે. તે જરૂર ઉપયોગી છે. ત્રણે પરિશિષ્ટના ભાષા ટીપ્પણો પાછળ આપેલ છે તેથી સંકલના સારી કરવામાં આવેલ છે. કિંમત બે આના રાખવાનો પ્રસ્તાવનામાં જણાવેલ હેતુ બરાબર છે. માત્ર આટલી નજીવી કિંમત તે જ્ઞાનપ્રચાર દષ્ટિએ જ છે તે માનવું યોગ્ય છે.

### ૪. પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા.

રચયિતા પં. શ્રી કસ્તૂરવિજયજી ગણિ મહારાજ. પ્રકાશકઃ સંઘવી જીવણભાઇ છોટાલાલ, અમદાવાદ ડોશી વાડાની પોળ, કિંમત સવાબે રૂપીયા. પ્રાકૃત ભાષાનાં અભ્યાસીઓ અને કોલેજીયનો માટે આ ગ્રંથ પ્રાકૃત ભાષાના શિક્ષણ માટે એક ભોમિયા સમાન છે તેમજ અભ્યાસ માટે તેમજ પદ્ધતિસર સરલ રીતે અભ્યાસ તે ભાષાનો થઇ શકે તે માટેની આ સુંદર રચના છે. કોઇપણ ભાષાના શિક્ષણ માટે પાઠમાળા ઉપયોગી થાય તેથી તે તૈયાર કરવી અને તે તે ભાષાની સંપૂર્ણ વિદ્વત્તા સિવાય બનતું નથી. આ પાઠમાળાના રચનાર મુનિમહારાજનો તે ભાષાનો અભ્યાસ વિશાળ અને ઊંડો છે તેમ આ પાઠમાળાનું પ્રકાશન કહી આપે છે. વિદ્યાર્થીની આધુનિક જરૂરીયાતો પૂરી પાડવા માટે મુનિશ્રીએ આ પુસ્તકમાં બનતો પ્રયત્ન કર્યો છે. આવા પાઠ્ય-પુસ્તકો આ પદ્ધતિએ વિદ્વત્તાની દષ્ટિએ લખાય તો જૈન અને જૈનેતર અભ્યાસીઓ માટે ઘણું જ ઉપકારક છે. શિક્ષણની પદ્ધતિ-સંકલના સુંદર કરવામાં આવી છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

### ૫. વિજયધર્મસૂરિ-જીવનરેખા

લેખક, રઘુનાથપ્રસાદ સિંહાનીયા, વિદ્યાભૂષણ, વિશારદ.

સ્વર્ગવાસી આચાર્યમહારાજ શ્રી વિજયધર્મસૂરિ મહારાજે પોતાના સંયમી જીવનમાં પ્રાપ્ત કરેલ જ્ઞાન અને સાહિત્યબળે જૈન જૈનેતર અને પૂર્વ પશ્ચિમના અનેક જૈનેતર વિદ્વાનોમાં જૈન દર્શનને સત્ય સ્વરૂપમાં ઓળખાવ્યો હતો. તેથી જ જૈનેતર વિદ્વાનો પણ તેમનું ચરિત્ર ઇંગ્રેજી, હિંદી વગેરે ભાષામાં લખી પ્રકટ કરે છે. તે પૈકીનો આ લઘુગ્રંથ લેખક વિદ્વાન મહાશયે લખ્યો છે જે વાંચવા યોગ્ય છે. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર.

### ૬. ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ સચિત્ર

-લેખક, નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ-પ્રકાશક શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ટ્રસ્ટ બોર્ડ-મુંબઇ. આ ટ્રસ્ટ બોર્ડ તરફથી આ ખાતાના થયેલ ભંડોળમાંથી ઉત્તરોત્તર ગ્રંથો પ્રકટ થાય છે તે પૈકી ત્રીજા પુષ્પ તરીકેનો આ ગ્રંથ છે. ગુજરાતમાં ખંભાત શહેર પ્રાચીન નગર છે. તેની પૂર્વની જાહોજલાલી, સમૃદ્ધિ, પ્રસિદ્ધિ, વેપાર અને દરીયાઇ અગત્યતા જેમ ઐતિહાસિક છે તેમ જૈન ધાર્મિક ઇતિહાસમાં પણ તેનું સ્થાન ઉચ્ચ છે. વળી તે તીર્થધામ તરીકે હોઈ ગુજરાતના ઇતિહાસને તેના વગર ચાલી શકે તેવું નથી. આ નગરના ઇતિહાસના લેખક જૈનેતર છે છતાં તેમણે શોધખોળપૂર્વક આ ઇતિહાસ લખ્યો છે તેમ આ ગ્રંથ વાંચતાં તેમાં આપેલ અનેકવિધ વર્ણનો ઐતિહાસિક દષ્ટિએ આપેલ જણાયા છે. એકવીશ પ્રકરણોમાં આ ઐતિહાસિક ગ્રંથ રચ્યો છે, અને તેમાં આપેલા ચિત્રો પણ જે સ્થળે જોઇએ ત્યાં મુકીને આ એક સુંદર રચેલ છે જે વાંચવાની અને લાઇબ્રેરી કે જ્ઞાનભંડારમાં તેને મૂકવાની અગત્ય જોઇએ છીએ. કિંમત રૂા. ૧-૪-૦ ટ્રસ્ટ બોર્ડના મંત્રી શ્રી મોહનલાલ દીપચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોકસી, તાંબાકાંટો, વોરાનો જૂનો માળો, ચોથો દાદરો, મુંબઈ એ સરનામેથી મળશે.

**૭. પાપ–પુણ્ય અને સંયમ**–(શ્રી વિપાક, અંતકૃતદશાંગ, અનુત્તરોપપાતિકદશા નામના આગમોનો અનુવાદ) સંપાદકઃ ગોપાળદાસ જીવાભાઈ પટેલ. શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાળાના ૨૦ મા પુષ્પ તરીકે શ્રી જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ–ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી (કિંમત બાર આના) પ્રકટ થયેલ છે. આ પહેલાં પણ શ્રી ભગવતીજી સૂત્રો વગેરેના સંક્ષિપ્ત અનુવાદો આ સંસ્થા તરફથી આ સંપાદક મહાશયે લખેલા પ્રગટ થયેલા છે. ગૃહસ્થ કે જેને આગમ વાંચવાનો અધિકાર નથી તેમજ સંસ્કૃત પ્રાકૃત ભાષાના જ્ઞાન અને ગુરુગમ્ય વગર તે પણ બનતું નથી તેવા સંયોગોમાં કયા કયા આગમોમાં શું શું અધિકાર છે તે જાણવાના જિજ્ઞાસુ માટે આ સંસ્થાનો આ પ્રયાસ જરૂરીયાતવાળો છે.

**૮. તિથિ સાહિત્ય દર્પણ.** લેખક, ઉપાધ્યાયજી શ્રી જંબૂવિજયજી મહારાજ, આ ગ્રંથ ચર્ચાસ્પદ તિથિઓ માટે છે, બીજી બાજુ તેનાથી જુદા નિર્ણયનો ગ્રંથ પણ પ્રગટ થયેલો છે અને પરસ્પર લેખો પણ પેપરમાં આવે છે. રચનાત્મક અને ખંડનાત્મક શૈલી છેવટ સત્ય નિર્ણય ન લાવતાં કલેશનું રૂપ પકડે છે, માટે આવી સ્થિતિ બનતી હોય ત્યાં અટકવાની જરૂર છે. શ્રી મુક્તાબાઈ જ્ઞાન મંદિર–ડભોઇ. મૂલ્ય સદુપયોગ.

**૯. પંચસંગ્રહ ગ્રંથ.** પાંચ દ્વારાત્મક પ્રથમ વિભાગ, શ્રી ચંદર્ષિમહત્તરકૃત સ્વોપજ્ઞ ટીકા અને શ્રીમલયગિરિ મહારાજકૃત વિસ્તૃત ટીકા સાથે સંપાદક આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિ મહારાજ. આ બંને ટીકાઓ શુદ્ધ રીતે છપાયેલ છે. પ્રકાશક, શ્રી મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈના મંત્રી શાહ ખૂબચંદ પાનાચંદ, ખર્ચ પૂરતો રૂા. ૧–૮–૦ લઇ ભેટ આપવામાં આવે છે.

**૧૦. સેનપ્રશ્ન.** પં૦ શ્રી શુભવિજયગણિ વિરચિત (શ્રી વિજયસેનસૂરીશ્વર પ્રસાદીકૃતા) આચાર્યશ્રી વિજયકુમુદસૂરિજી મહારાજે કરેલ ભાષાંતર સહિત પં. મણિવિજયજી ગ્રંથમાળાના ચોથા પુષ્પ તરીકે પ્રકટ થયેલ છે. પ્રકાશક, માસ્તર ન્હાલચંદ દાકરશી વ્યવસ્થાપક–જૈન જ્ઞાનમંદિર–લીંચ. આ ગ્રંથ અનેક ઉપાધ્યાય મહારાજો, પંન્યાસો, ગણિવરો તથા શ્રાવક સંઘોએ શ્રીમાન્ વિજયસિંહસૂરીશ્વરજી મહારાજને પૂછેલા પ્રશ્નોના, આગમો, પૂર્વાચાર્યો વિરચિતપ્રૌઢ ગ્રંથો, યુક્તિ, અનુભવ અને પરંપરા અનુસારે જવાબો આપેલા તેનો સંગ્રહ છે, જે ચાર અનુયોગમાં વહેંચાયેલા છે. બાળજીવો અને અલ્પજ્ઞોને આવા વિદ્વાન સૂરીશ્વરોની કૃતિના પ્રશ્નોત્તર ગ્રંથો જ વાંચે તો જ પોતાને ઉપજતા સવાલોનો સત્ય નિર્ણય થાય અને તેથી શ્રદ્ધા થાય છે. આવો બીજો ગ્રંથ શ્રી હીરપ્રશ્ન પણ છે. આધુનિક આવા ગ્રંથો પ્રશ્નોત્તર પુષ્પમાળા મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજની કૃતિનો પ્રકટ થયેલ છે, જે આગમો વિગેરેનું સત્ય જ્ઞાન ધરાવતા હતા. બાકી આગમો વગેરેનું જ્ઞાન ધરાવનાર વિદ્વાન મહાપુરુષો જ સત્ય ખુલાસા કરી શકે, કારણ કે તે જ્ઞાન ઉપરાંત યુક્તિ, પરંપરા અને અનુભવની પણ તેવા ધાર્મિક પ્રશ્નોના જવાબ આપવામાં જરૂર પડે છે, માટે આવા ગ્રંથો મનનપૂર્વક વાંચવાથી તેમજ તેવા ગીતાર્થ વિદ્વાન્ આચાર્ય મહારાજો પાસે જ પોતાને ઉપસ્થિત થતા પ્રશ્નોના યોગ્ય જવાબ કે શંકા સમાધાન પણ તે વડે થઇ શકે. આ ગ્રંથ એટલા માટે ઘણો જ ઉપયોગી છે અને તેની આવશ્યકતા પણ હતી. હવે આવા પૂર્વાચાર્યોકૃત પ્રશ્નોત્તરના ગ્રંથો ગુજરાતી ભાષામાં વિશેષ પ્રકટ થાય તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ દીપચંદ જસરાજ | ભાવનગર | લાઈફ મેમ્બર. |
| ૨. | શાહ છોટાલાલ નાથાલાલ | કઠોર | ,, |
| ૩. | વોરા માણેકચંદ ભાઇચંદ બાર–એટ–લો | મુંબઇ | વાર્ષિક મેમ્બર. |

## શાહ દામોદરદાસ હરજીવનદાસનો સ્વર્ગવાસ.

શહેર ભાવનગરના જૈન સંઘના અગ્રગણ્ય અને આ શહેરના રૂના પ્રતિષ્ઠિત વેપારી ભાઇ દામોદરદાસ થોડા દિવસની બિમારી ભોગવી ગયા માસની વદિ ૧૧ બુધવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે, ભાઇ દામોદરદાસ સરલ હૃદયના, શ્રદ્ધાવાન પુરુષ હતા. તેઓ સ્પષ્ટ વક્તા હતા. આ શહેરમાં જિનાલયમાં પરમાત્માની ભક્તિમાં તેઓ પૂજા ભણાવી ખૂબ રસ લેતા. આ સભા સ્થાપન થઇ ત્યારથી સભ્ય અને તેત્રીશ વર્ષ પહેલા આ સભાના સેક્રેટરી હતા. જેથી એક લાયક સભ્યના સ્વર્ગવાસથી આ સભાને ખોટ પડી છે. તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના લઘુ બંધુઓ હરિચંદભાઇ વગેરેને તેમને પગલે ચાલવા સૂચના કરતાં ભાઇ દામોદરદાસના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

તૈયાર છે ! श्रीमद् देवेन्द्रसूरिरचितस्वोपज्ञटीकोपेतः तैयार छे.

# शतकनामा पंचमः ( पांचमो ) कर्मग्रंथः ।

तथा

## श्री मलयगिरिप्रणीतविवरणोपेतः श्री चिरत्नपरमर्षिप्रणीतः

# सप्ततिकानामा षष्ठः ( छट्ठो ) कर्मग्रंथः ।

**સંપાદક,** પૂજ્ય પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજના સુશિષ્ય **મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ.**

અમારા તરફથી પ્રથમ શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ ( પ્રથમ ભાગ ) પ્રગટ થયેલ હતો તેનો આ બીજો ભાગ ઉપરોક્ત પાંચમો તથા છઠ્ઠો કર્મગ્રંથ સાથે તૈયાર થઇ ગયેલ છે.

આ ગ્રંથમાં પ્રથમ સંકેત, સ્પષ્ટીકરણ અને પછી ગુજરાતી ભાષામાં પ્રસ્તાવના આપવામાં આવેલી છે, જેમાં આ ગ્રંથને અંગેનું વક્તવ્ય, છઠ્ઠા કર્મગ્રંથનું નામ, ગ્રંથકારો, સપ્તતિકાના પ્રણેતા ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજને વિષે હકીકત અને તેઓશ્રીના રચિત પ્રકટ અપ્રકટ અલભ્ય ગ્રંથોના નામો અને સંશોધનના કાર્ય માટે એકત્ર કરેલી હસ્તલિખિત પ્રતો વગેરેનું વર્ણન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે લખી આ ગ્રંથનો સુંદર પરિચય કરાવેલ છે. ત્યારબાદ બંને ગ્રંથોનો વિષયાનુક્રમ અને પછી કર્મગ્રંથ મૂળ ટીકા સાથે શરૂ થાય છે. છેવટમાં શાસ્ત્રીય અવતરણુની તથા તેમાં આવેલા ગ્રંથોના નામોની સૂચિ, ગ્રંથકર્ત્તાના નામની સૂચિ, પારિભાષિક શબ્દોની અનુક્રમણિકા, અકારાદિ લીસ્ટો પરિશિષ્ટોમાં આપેલા છે અને છેવટે છ કર્મગ્રંથોના અંતર્ગત વિષયોની તુલના દિગંબરી કયા શાસ્ત્રોમાં છે તેના સ્થળનિર્દેશો આપી આ ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.

સુંદર શાસ્ત્રીય અનેકવિધ ટાઇપોમાં, ટકાઉ, ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર છપાવી, પાકા કપડાના બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથ સંશોધનકાર્યના અમૂલ્ય પ્રયત્ને તદ્દન શુધ્ધ અને સુંદર પ્રકટ થયેલ છે. કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ જુદું. લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

(૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ રૂા. ૩-૮-૦

(૨) „ દ્વિતીય ભાગ રૂા. ૩-૮-૦

(૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો રૂા. ૪-૦-૦

(૪) „ ભા. ૨ જો રૂા. ૬-૦-૦

(૫) „ ભા. ૩ જો રૂા. ૫-૮-૦

(૬) બૃહત્કલ્પસૂત્ર ભા. ૪ થો રૂા. ૬-૪-૦

(૭) „ ભા. ૫ મો રૂા. ૫-૦-૦

(૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ રૂા. ૨-૦-૦

(૯) બીજો ભાગ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ રૂા. ૪-૦-૦

(૧૦) ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧-૮-૦

---

## ગુજરાતી ગ્રંથો.

નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

(૧) શ્રી ચંપકમાળા ચરિત્ર રૂા. ૦-૮-૦

(૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી રૂા. ૧-૦-૦

(૩) શ્રી ઉપદેશ સપ્તતિકા રૂા. ૧-૦-૦

(૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા રૂા. ૧-૦-૦

(૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર રૂા. ૨-૦-૦

(૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો રૂા. ૨-૦-૦

(૭) „ ભા. ૨ જો રૂા ૨-૮-૦

(૮) આદર્શ જૈન સ્ત્રી રત્નો રૂા. ૨-૦-૦

(૯) શ્રી દાનપ્રદીપ રૂા. ૩-૦-૦

(૧૦) કુમારપાળ પ્રતિબોધ રૂા ૩-૧૨-૦

(૧૧) જૈન નરરત્ન ભામાશાહ રૂા ૨-૦-૦

(૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર રૂા ૧-૧૨-૦

(૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા ૧-૧૨-૦

(૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) રૂા ૧-૦-૦

(૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર રૂા ૨-૮-૦

(૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું રૂા ૨-૦-૦

„ રેશમી પૂંઠું રૂા ૨-૮-૦

(૧૭) સતી સુરસુંદરી ચરિત્ર રૂા ૧-૮-૦

(૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર રૂા ૦ ૨-૦

(૧૯) „ સોળમો ઉદ્ધાર [illegible] ૦-૪-૦

(૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર રૂા ૦ [illegible]

(૨૧) શ્રી મહાવીર ચરિત્ર રૂા ૩-૦-૦

## તૈયાર થતાં-છપાતાં ગ્રંથો.

(૧) બૃહત્કલ્પસૂત્ર ભા. ૬ ઠ્ઠો. (૨) કથારત્ન કોષ શ્રી દેવભદ્રસૂરિકૃત (૩) શ્રી નિશીથચૂર્ણિ સૂત્ર ભાષ્ય સહિત (૪) વસુદેવ હિંડિ ભા. ૩ જો (૫) શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨-૩-૪-૫-૬ સાથે (૬) શ્રી મલયગિરિ વ્યાકરણ.

## તૈયાર થતાં ગુજરાતી ગ્રંથો.

(૧) શ્રી આદિનાથ ચરિત્ર (શ્રી પદ્માનંદ મહાકાવ્ય) (૨) શ્રી સંઘપતિ ચરિત્ર.

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only